સુવિચાર

બધે જ ગુણની પૂજા થાય છે, સંપત્તિની નહિ, પૂનમના ચંદ્ર કરતાં બીજનો ક્ષીણ ચંદ્ર જ વંદનીય ગણાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ખોખળદળ ગામે ખેડૂતના મકાનમાંથી ચોરી કરનાર એમપીની બેલડી ઝડપાઈ P-4


Year-16, Issue-241 ■ DATE : 24-01-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમેરિકામાં બરફના તોફાને દસ્તક દેતા હાહાકાર

## ઇતિહાસનું સૌથી મોટું સંકટ, ૮૦૦૦થી વધારે ફ્લાઇટ્સ કેન્સલઃ તાપમાન માઇનસ ૧૫ ડિગ્રી પર પહોંચ્યુંઃ ટેકસાસથી લઇ ન્યુ ઇંગ્લેન્ડ સુધીના ૨૦૦૦ માઇલ સુધીના વિસ્તારો પ્રભાવિત







**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકામાં બરફના તોફાને દસ્તક દેતા હાહાકાર મચી ગયો છે. અચાનક જ ૮ હજારથી વધુ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. આ ખતરો અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટો હોવાનું જણાઈ રહ્યું છે. ના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ દેશના અપાતકાળની સ્થિતિ માટે તૈયાર રહેવાનો આદેશ આપ્યો છે. અમેરિકામાં હાલ ભારે બરફવર્ષા અને તોફાનને જોતાં ૧૫ રાજ્યોમાં ઈમરજન્સી જાહેર કરી હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે.

રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક દિવસ પહેલા જ આવનારા ખતરાથી દેશને સચેત કર્યો હતો. ટ્રમ્પે જણાવ્યું હતું કે. 'દેશ મોટા ભાગના રાજ્યો ભીષણ હિમયુગ જેવી ઠંડીના પ્રકોપનો સામનો કરવા તૈયાર રહે, જ્યાં તાપમાન માઈનસ ૪૦ ડિગ્રી કરતાં પણ ઓછું જઈ શકે છે.' મહત્વનું છે કે અત્યારે અમેરિકાના અનેક રાજ્યોમાં બરફ વર્ષાએ કાળો કહેર મચાવ્યો છે. જેના કારણે ઘણા દિવસો સુધી વીજળી ઠપ થઈ શકે છે. મુખ્ય રસ્તાઓ બંધ થવાના સંભાવના છે.

અમેરિકાએ ખતરાને ભાંખી લેતા ૧૫ રાજ્યોમાં ઈમરજન્સી જાહેર કરી દીધી છે. લોકોને ઘરમાં રહેવા જ અપીલ કરવામાં આવી રહી છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ મુજબ શનિવારે ૩૪૦૦થી વધુ ફ્લાઈટ લેટ પડતાં રદ કરવામાં આવી છે. તેમજ અગમચેતી રાખી રવિવારની ૫ હજારથી વધુ ફ્લાઈટ રદ કરી છે. સંઘીય સરકારે મુસીબતને પહોંચી વળતાં માટે ૩૦ રેસ્ક્યૂ ટીમને સ્ટેન્ડબાય રાખી છે. ૭૦ લાખ લોકો માટે ભોજન, ૬ લાખ લોકો માટે ઠંડીથી બચવા માટેના ધાબળા તેમજ ૩૦૦ જેટલા જનરેટર સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે.

સંભવિત ભીષણ વિન્ટર સ્ટોર્મને કારણે એ ન્યૂયોર્ક અને ન્યૂ જર્સીના નેવાર્કથી આવતી જતી તમામ ફ્લાઈટ ૨૫ અને ૨૬ જાન્યુઆરી માટે રદ કરી છે. એરલાઈન્સે આ નિર્ણય મુસાફરો અને ક્રુ સભ્યોની સલામતી માટે લીધો હોવાનું જણાવ્યું છે.

ન્યૂ મેક્સિકોથી ન્યૂ ઈંગ્લેન્ડ સુધીના લગભગ ૧૪ કરોડ લોકો પ્રભાવિત થવાના સંકેત છે, અમેરિકાના હવામાન વિભાગ મુજબ ઉત્તરી કેરોલિના સુધી ભારે વિનાશકારી બરફવર્ષાનું એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન નિષ્ણાતોએ કહ્યું છે કે બરફવર્ષાથી પ્રભાવિત ક્ષેત્રોમાં તોફાન જેટલું નુકસાન થઈ શકે છે. શુક્રવાર સુધી બરફનું તોફાન ટેક્સાસના કેટલાક હિસ્સાઓમાં પહોંચ્યું હતું. હવે તે દક્ષિણથી પસાર થઈને ઉત્તર પૂર્વમાં તબાહી મચાવશે. વોશિંગ્ટનથી ન્યૂયોર્ક અને બોસ્ટન સુધી લગભગ એક ફૂટ (૩૦ સેન્ટિમીટર) બરફ પડવાની સંભાવના છે. હાલમાં અમેરિકામાં ઘણી જગ્યાઓ પર માઈનસ ૪૦ જેટલું તાપમાન થઈ ગયું છે જેથી લોકોનું જીવન કઠિન બન્યું છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૬/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૫/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૮,૬૭૦ | ₹3,૩૫,૦૦૦ |
| | +૧૪૭૦ | -૫૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૬૧ | ₹૧૨૪.૯૯ |

## ઈરાન ફરતે અમેરિકાએ લશ્કરી જમાવટ કરતા ગમે તે સમયે થશે ભડકો



**મુખ્ય સમાચાર, તહેરાન**

અમેરિકા અને ઈરાન વચ્ચે સતત વધતા જતા તનાવમાં હવે ગમે ત્યારે ભડકો થઇ શકે છે. અમેરિકી સૈન્યનો યુધ્ધનો કાફલો ઈરાનના દરિયા કિનારે નજીક પહોંચતા ઈરાને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપતા કહ્યું કે તહેરાન પરનો હુમલો એ ઈરાન સામે પૂર્ણ યુધ્ધ ગણી લેવાશે.

તેવી જ સ્થિતિમાં અમેરિકાને આકરો જવાબ અપાશે. રોયટરના અહેવાલ મુજબ ઈરાનના સર્વોચ્ચ વડા અયાતુલ્લા અલી ખામેનેઇના નેતૃત્વવાળી સરકારે યુધ્ધની તૈયારીઓ શરૂ કરી લીધી છે.

અમેરિકાના વિમાન વાહક જહાજ અબ્રાહમ લીંકન અને અન્ય ત્રણ વિધ્વંસક જહાજ જે ટોમહોક મિસાઇલથી સજજ છે તેના ઈરાન નજીક પહોંચતા જ ઇરાને પણ વળતો જવાબ આપવા માટે તેનો શસ્ત્ર ભંડાર ખોલી નાખ્યો છે.

ખાસ કરીને તહેરાનમાં મહત્વના સરકારી મથકો અને ખામેનેઇ સહિતના ટોચના ઇરાની નેતૃત્વને નિશાન બનાવાઇ તેવી ધારણા છે અને આથી આ તમામ સલામત સ્થળોએ ખસી ગયા છે. તો ઈરાને જવાબ આપ્યો છે કે અમેરિકી મથકો અમારા નિશાન પર છે અને કોઇપણ સમયે થનારા હુમલાને પહોંચી વળવા તૈયાર છીએ.

## પ્રજાસતાક પર્વ પૂર્વે કર્મચારીઓને લાગી લોટરીઃ ૮મા પગાર પંચ પહેલા પગાર અને પેન્શનમાં જંગી વધારાને સરકારની મંજૂરી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે સરકારી બેંકો અને વીમા ક્ષેત્રમાં કામ કરતા હજારો કર્મચારીઓ અને પેન્શનરો માટે ખુશીનો પિટારો ખોલ્યો છે. નાણા મંત્રાલયે શુક્રવારે જાહેરાત કરી છે કે જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓ, નાબાર્ડ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓના પગાર અને પેન્શનમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી આશરે ૪૬,૦૦૦ થી વધુ ચાલુ કર્મચારીઓ અને ૪૬,૦૦૦ થી વધુ પેન્શનરોને આર્થિક ફાયદો થશે.

સરકારે નેશનલ ઇન્શ્યોરન્સ, ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ સહિતની ૬ સરકારી વીમા કંપનીઓના કર્મચારીઓ માટે પગાર સુધારણાને મંજૂરી આપી છે. આ વધારો ૧ ઓગસ્ટ, ૨૦૨૨ થી અમલમાં આવશે, જેનો અર્થ છે કે કર્મચારીઓને જંગી એરિયર્સ (બાકી રકમ) પણ મળશે. મૂળ પગાર અને મોંઘવારી ભથ્થામાં ૧૪% નો વધારો થતા કુલ પગાર બિલમાં ૧૨.૪૧% નો ઉછાળો આવશે. આ ઉપરાંત, ૨૦૧૦ પછી જોડાયેલા કર્મચારીઓ માટે NPS યોગદાન ૧૦% થી વધારીને ૧૪% કરાયું છે.

નાબાર્ડના ગ્રૃપ A, B અને C ના કર્મચારીઓના પગાર અને ભથ્થામાં આશરે ૨૦% નો વધારો મંજૂર કરાયો છે. આ ફેરફાર ૧ નવેમ્બર, ૨૦૨૨ થી લાગુ થશે. તેવી જ રીતે, દેશની મધ્યસ્થ બેંક RBI ના નિવૃત્ત કર્મચારીઓના પેન્શનમાં પણ ૧૦% નો વધારો કરવામાં આવ્યો છે. આનાથી નિવૃત્ત કર્મચારીઓના બેઝિક પેન્શનમાં ૧.૪૩ ગણો સુધારો થશે, જે મોંઘવારીના જમાનામાં મોટી રાહત સમાન છે.

આ પગાર વધારા માટે સરકારે કુલ આશરે રૂ. ૧૧,૦૦૦ કરોડ થી વધુનો ખર્ચ અંદાજ્યો છે. જેમાં વીમા કંપનીઓ માટે રૂ. ૮,૧૭૦ કરોડ, RBI માટે રૂ. ૨,૬૯૬ કરોડ અને નાબાર્ડ માટે અંદાજે રૂ. ૭૦૦ કરોડથી વધુના પેકેજનો સમાવેશ થાય છે. નાણા મંત્રાલયના મતે, આ પગલાથી નાણાકીય ક્ષેત્રના કર્મચારીઓનું મનોબળ વધશે અને પેન્શનરોને સામાજિક સુરક્ષા મળશે.

### પ્રજાસતાક પર્વ નિમિત્તે મુખ્ય સમાચારનો અંક બંધ રહેશે

સોમવાર તા.૨૬-૧-૨૦૨૬ના પ્રજાસતાક પર્વ નિમિત્તે મુખ્ય સમાચાર કાર્યાલય રજા પાડશે. જેના કારણે સોમવારનો અંક પ્રસિધ્ધ થશે નહીં જેની વિજ્ઞાપનદાતા, એડ એજન્સી તેમજ વાંચકોએ નોંધ લેવા વિનંતી. તા.૨૭-૧-૨૦૨૬ને મંગળવારનો અંક નિયમિત પ્રસિધ્ધ થશે.

**-મેનેજીંગ તંત્રી**

## માઘ મેળામાં મહાકુંભનો રેકોર્ડ બ્રેક, વસંત પંચમીએ ૩.૫૬ કરોડ શ્રદ્ધાળુઓએ લગાવી પવિત્ર ડૂબકી

વસંત પંચમીના પાવન પર્વ પર શુક્રવારે પ્રયાગરાજ સંગમ કિનારે અદ્ભૂત નજારો જોવા મળ્યો. આ પાવન પર્વ પર સંગમ તટ પર આસ્થાનું ઘોડાપૂર જોવા મળ્યું હતું. તમામ અનુમાનને પાછળ છોડીને જ્યારે આસ્થાની ભીડ સંગમ તરફ વધી તો મહાકુંભ ૨૦૨૫નો રેકોર્ડ પણ તૂટી ગયો, જેમાં ઉમટેલા શ્રદ્ધાળુઓની ચર્ચા વિશ્વભરમાં થઈ હતી. અધિકારીઓનો દાવો છે કે, શુક્રવારે વસંત પંચમીના પાવન પર્વ પર ૪ વાગ્યા સુધીમાં ૩ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ડૂબકી લગાવી હતી, જ્યારે મહાકુંભ ૨૦૨૫ની વસંત પંચમી પર ૨.૫૭ કરોડ શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. આંકડા પરથી એ સ્પષ્ટ થાય છે કે, મહાકુંભની અસર હજુ પણ દેખાય રહી છે. કદાચ આ જ કારણ છે કે, વસંત પંચમી જેને પરંપરાગત રીતે સ્થાનિક (પ્રયાગરાજ શહેર અને આસપાસના વિસ્તારોના લોકોનું) સ્થાન માનવામાં આવે છે, પર એક નવો રેકોર્ડ સ્થાપિત થયો છે.

## પાન-મસાલા મોંઘા થશેઃ નાણા મંત્રાલયે ૪૦ ટકા જીએસટી દરથી ઉપર ઉપકરનું સૂચન કર્યુ



પ્રતિકાત્મક તસવીર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જીએસટી નેટવર્ક શુક્રવારે પાન-મસાલા જેવા તમાકુ ઉત્પાદનોના છુટક વેચાણ મૂલ્ય આધારિત મુલ્યાંકન પર એક પરામર્શ જાહેર કર્યુ છે. ઈ-ઈનવોઈસ, ઈ-વે બિલ અને માસિક વેચાણ રિટર્ન ફોર્મ જીએસટીઆર-૧ તેમજ ઈનવોઈસ રજુ કરવાની સુવિધામાં સૂચના આપવા માટે આ પરામર્શ જાહેર કર્યુ છે.

નાણા મંત્રાલયે પાન મસાલા પર ઉચ્ચતમ ૪૦ ટકા જીએસટી દરના ઉપર સ્વાસ્થ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકરને સૂચીત કર્યુ છે, જે એક ફેબ્રુઆરીથી અસરમાં છે. કુલ કરનો બોજ .૮૮ ટકાના હાલના સ્તર પર જ રહેશે. આ સમયે પાન-મસાલા પર ૨૮ ટકા જીએસટી અને સાથે સાથે એક જ ક્ષતિપૂર્તિ ઉપગ્રહ લગાવવામાં આવે છે.

૧ ફેબ્રુઆરીથી પાન-મસાલાના છુટક વેચાણ મુલ્યના ટકાના રૂપમાં જીએસટી લગાવવામાં આવશે અને ઉપકર નિર્માતાની સ્થાનિક ઉત્પાદન ક્ષમતા પર લગાવવામાં આવશે. જીએસટીએનએ કહ્યું હતું કે કરદાતાઓને કર યોગ્ય મૂલ્ય ક્ષેત્રમાં શુદ્ધ વેચાણ મુલ્યની સૂચના આપવી પડશે.

કરની રકમની ગણતરી આરએસપી આધારિત મૂલ્યાંકન ફોર્મ્યુલા અનુસાર કરવામાં આવશે અને કુલ ઈનવોઈસ મૂલ્યને શુદ્ધ વેચાણ મૂલ્ય અને કર રકમના યોગ્ય રૂપે નોંધવામાં આવશે.

## નાની બચત યોજનાઓમાં રેકોર્ડ રૂા.૨.૧૭ લાખ કરોડ જમા થયા




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જ્યારે નવી કર વ્યવસ્થાએ કર મુક્તિનો લાલચ ઘટાડી દીધી હોય, ત્યારે દેશભરના લાખો રોકાણકારો હજુ પણ સરકાર સમર્થિત નાની બચત યોજનાઓમાં વિશ્વાસ ધરાવે છે. આ જ કારણ છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૦ જાન્યુઆરી સુધીમાં રાષ્ટ્રીય નાની બચત ભંડોળમાં થાપણો રૂા.૨.૧૭ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે. આ આંકડો સંપૂર્ણ વર્ષના બજેટ અંદાજના લગભગ બે તૃતીયાંશ ભાગનું પ્રતિનિધિત્વ કરે છે, જે સરકારને નોંધપાત્ર રાહત આપે છે.

માર્ચ ક્વાર્ટરમાં નાની બચત યોજનાઓમાં સૌથી વધુ રોકાણ જોવા મળે છે, જ્યારે મોટી સંખ્યામાં લોકો , સુકન્યા સમૃદ્ધિ યોજના અને કર બચાવવા માટે અન્ય યોજનાઓમાં રોકાણ કરે છે. તેથી, અધિકારીઓ અપેક્ષા રાખે છે કે ચાલુ નાણાકીય વર્ષમાં કુલ ફલ્લ્જ કલેક્શન પ્રારંભિક લક્ષ્ય કરતાં વધુ હશે.

બજેટ અંદાજ કરતાં આ વધારાની ડિપોઝિટનો સીધો ફાયદો કેન્દ્ર સરકારને થઈ રહ્યો છે. વધુ ડિપોઝિટનો અર્થ એ છે કે સરકારે બજારમાંથી ઓછું ઉધાર લેવું પડશે. આ જ કારણ છે કે સરકારે ૨૦૨૫-૨૬ માટે માંથી તેનો ઉપાડ ઘટાડીને રૂા.૩.૪૩ લાખ કરોડ કર્યો છે, જે પાછલા નાણાકીય વર્ષના રૂા.૪.૧૨ લાખ કરોડના સુધારેલા અંદાજથી ઓછો છે. સરકાર આગામી નાણાકીય વર્ષમાં રાજકોષીય ખાધને ૪.૪% સુધી મર્યાદિત રાખવાનું લક્ષ્ય રાખે છે, જે એક વર્ષ પહેલા ૪.૮% હતું.

નોંધનીય છે કે ગયા બજેટમાં નવી કર વ્યવસ્થાને વધુ આકર્ષક બનાવવામાં આવી હતી, ત્યારબાદ લગભગ ૭૫% કરદાતાઓ આ સિસ્ટમ તરફ વળ્યા છે. નવી કર વ્યવસ્થા નાની બચત પર કર મુક્તિ આપતી નથી, જ્યારે જૂની કર પ્રણાલીમાં રૂા.૧.૫ લાખ સુધીના રોકાણ પર કલમ ૮૦ હેઠળ કર મુક્તિ આપવામાં આવી હતી. આમ છતાં, નાની બચત યોજનાઓમાં રોકાણ ધીમું પડ્યું નથી.

અધિકારીઓ કહે છે કે આકર્ષક વ્યાજ દરો આનું મુખ્ય કારણ છે. ગયા વર્ષે, એ રેપો રેટમાં ૧૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે, જેના કારણે બેંક વ્યાજ દરો પર દબાણ આવ્યું છે. તેનાથી વિપરીત, ૭.૧% વ્યાજ આપે છે અને સુકન્યા સમૃદ્ધિ યોજના ૮.૨% વ્યાજ આપે છે. વરિષ્ઠ નાગરિક બચત યોજના, રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર અને કિસાન વિકાસ પત્ર જેવી યોજનાઓ પરના દરો પણ રોકાણકારોને આકર્ષી રહ્યા છે

## નીતિન નબીનના આગમનથી ભાજપની જુની પેઢીના નેતાઓ સાઇડલાઇન થશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભાજપમાં ૪૫ વર્ષના નીતિન નબીનને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુકિત કરીને ભાજપે સમગ્ર કેડરમાં જે સંદેશો મોકલી આપ્યો છે તેનાથી પક્ષના અનેક પીઢ નેતાઓને પોતાનું રાજકારણ પુરૂ થઇ રહ્યું હોય તેવું જણાતા તેમની બેચેની વધી ગઇ છે. ખાસ કરીને હવે જયારે નીતિન નબીનની નવી ટીમ રચવાની પ્રક્રિયા શરૂ થઇ છે અને તેમાં પણ નવી કેડર અને યુવાઓને તથા મહિલાઓને મહત્વ અપાશે તેનાથી પોતાના ચાન્સની રાહ જોઇ રહેલા અનેક પીઢ નેતાઓ આગામી સમયમાં રાજકારણ એ ફકત કાર્યકર્તા તરીકે જ પુરૂ થાય તેવા સંકેત છે.

ખાસ કરીને ૬૦-૬૫ વર્ષની આજુબાજુ પહોંચેલા નેતાઓ આગામી સમયમાં આવી રહેલી ચૂંટણીઓ અને અન્ય વ્યવસ્થામાં પોતાને સ્થાન મળશે તેવી શકયતા જોતા હતા. પરંતુ ભાજપ મોવડી મંડળે નીતિન નબીનને રાષ્ટ્રીય પ્રમુખ બનાવીને તેમની ટીમમાં કોઇ એવા ચહેરા ન હોય કે જે રાષ્ટ્રીય પ્રમુખ ઉપર પ્રભાવિત થવાની કોશીશ કરે તે નિશ્ચિત કરશે તેવું માનવામાં આવે છે.

હાલ નીતિન નબીને નિયુકિત કરી છે તે સૂચક છે. ખાસ કરીને રામમાધવની ભાજપના રાજકારણમાં ફરી એન્ટ્રીએ સંઘની લીલી ઝંડી હોવાનું મનાય છે અને તેના કારણે હવે નબીનની ટીમમાં સંઘમાં ડેપ્યુટેશન વધી શકે છે. ખાસ કરીને ભાજપ પોતાની નવી કેડરને એ સંદેશ આપવા માંગે છે કે કોંગ્રેસ કે અન્ય પક્ષમાંથી આવેલા નેતાઓને તબકકાવાર વિદાયમાન આપી દેવાશે અને આગામી સમયમાં પૂરી સંઘ સમર્થિત કેડર જ ભાજપ ઉપર છવાશે તે નિશ્ચિત છે.

તો બીજી તરફ યુવા નેતાઓને વધુ આગળ કરાશે અને તેઓએ આગામી સમયમાં પોતાની જાતને સાબીત કરવાનું રહેશે. એટલું જ નહીં ૨૦૨૯થી મહિલા અનામત લાગુ પડી શકે છે. જેના કારણે ધારાસભાઓ અને સંસદમાં ૩૩ ટકા મહિલા અનામત માટે ભાજપે અત્યારથી જ મહિલા નેતાઓની કેડર બનાવવાની તૈયારી શરૂ કરી છે અને આગામી સમયમાં મહિલાઓની ભાગીદારી પક્ષમાં વધે તે પણ જોવાશે ખાસ કરીને રાજયોમાં મહિલા પ્રતિનિધિ વધે તે માટે સંગઠનની ટીમમાં પણ મહિલાઓને વધુ સમાવવાની સૂચના આપશે અથવા તો ભાજપ મહિલા મોરચાની સક્રિયતા વધશે.


સુત્રોના જણાવ્યા મુજબ જે રીતે મહારાષ્ટ્રમાં ૨૯ મહાનગરપાલિકાઓમાંથી ૧૫માં મહિલા મેયર હશે તે ડ્રોથી નિશ્ચિત કરવામાં આવ્યું તે પણ સૂચક છે. જે મુજબ અડધાથી વધુ મહાનગરપાલિકામાં મહિલાનું શાસન હશે અને તે ભવિષ્યમાં ભાજપને મહિલા અનામત સમયે નેતૃત્વનો અને કેડરનો પુરતો પુરવઠો આપશે જેના કારણે હાલના કેટલાક મહિલા નેતાઓને પણ સાઇડલાઇન કરવાની જરૂર પડશે તો કરશે તે નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરમાં ખેલાયો ખૂની ખેલ પ્રેમ પ્રકરણમાં ત્રણ શખસોએ છરીના ઘા ઝીંકી યુવાનની હત્યા કરી







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં હત્યાની ઘટના સામે આવતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. શહેરના પંચેશ્વર ટાવર નજીક આવેલા વંડાફળી વિસ્તારમાં એક યુવાન પર તેના જ સાળા સહિત ત્રણ શખ્સોએ છરી વડે હિંસક હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો છે. પ્રેમ લગ્નનો ખાર રાખીને આ હિચકારું કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

એપાર્ટમેન્ટના પાંચમા માળે ખેલાયો ખૂની ખેલ.મળતી વિગતો અનુસાર, જામનગર શહેરના પંચેશ્વર ટાવર પાસેના વંડા ફળીમાં આવેલા આદિનાથ એપાર્ટમેન્ટના પાંચમા માળે રહેતા નિલય કુંડલિયા નામના યુવાન પર ત્રણ શખ્સોએ ઘરમાં ઘૂસીને હુમલો કર્યો હતો. હુમલાખોરોએ નિલય પર છરીના ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા.આ લોહિયાળ દ્રશ્ય જોઈ નિલયની પત્નીએ પોતાના પતિને બચાવવા આક્રંદ કરી મૂક્યું હતું. પતિને બચાવવાના પ્રયાસમાં પત્ની પણ લોહીલુહાણ થઈ ગઈ હતી.

ગંભીર રીતે ઘવાયેલા નિલયને તાત્કાલિક ૧૦૮ મારફતે જી.જી. હોસ્પિટલ ખસેડાયો હતો, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પૂર્વે જ તેનું મોત નીપજ્યું હતું.પોલીસની પ્રાથમિક તપાસ અને પરિવારના આક્ષેપો મુજબ, આ હત્યા પાછળ પ્રેમ પ્રકરણ જવાબદાર છે. મૃતક નિલયે થોડા સમય પહેલા જ પ્રેમ લગ્ન કર્યા હતા. આ લગ્ન યુવતીના પરિવારને મંજૂર નહોતા, જેના કારણે બંને પરિવારો વચ્ચે મનદુઃખ ચાલતું હતું. આક્ષેપ છે કે, મૃતકનો સાળો અને તેના અન્ય બે સાગરીતોએ નિલયની હત્યા કરી છે.આ ઘટનાની જાણ થતા જ સીટી એ. ડિવિઝનના પી.આઈ. સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કર્યા છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસ કરી દેવામાં આવી છે.

# મોરબીમાં મોટર સાયકલ ઉપર વિદેશી દારૂની હેરાફેરી કરતા એક પકડાયો, સપ્લાયરની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના લાતી પ્લોટ વિસ્તારમાં મોટર સાયકલ ઉપર વિદેશી દારૂની ૪ બોટલ સાથે નીકળેલ આરોપીને એ ડિવિઝન પોલીસ દ્વારા પકડી લેવામાં આવ્યો છે, આ સાથે વિદેશી દારૂનો જથ્થો વેચાણે આપનારનું નામ ખુલતા, પોલીસે તે આરોપીને પકડી લેવા શોધખોળ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન લાતી પ્લોટ શેરી નં.૨ માં મોટર સાયકલ રજી.નં.જીજે-૩૬-ડીએલ-૭૧૪૩માં શંકાસ્પદ હાલતમાં આવતા આરોપી અનિલભાઈ વાલજીભાઈ લવજીભાઈ નાયકપરા રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ શનાળા રોડ એમ-૭૭ બ્લોક નં.૪૨૬ મોરબી વાળાને રોકી તેની પાસે રહેલ થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૪ બોટલ કિ.રૂ.૫,૨૦૦/-મળી આવી હતી. જેથી પોલીસે મોટર સાયકલ તથા વિદેશી દારૂ સહિત રૂ.૨૦,૨૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે પકડાયેલ આરોપીની પ્રાથમિક પૂછપરછમાં આ વિદેશી દારૂ મોરબીના વજેપર વિસ્તારમાં રહેતા રવિ ઉર્ફે લાલો રામજીભાઈ બાંમણીયા પાસેથી વેચાણે લીધો હોવાની કબૂલાત આપી હતી. હાલ પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# GST નોંધણી પ્રક્રિયા સરળ બનાવવા માટે જામનગરમાં તા.૨૬ જાન્યુઆરીથી GST સેવાકેન્દ્ર શરૂ કરાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા સેવા સદન-૨ ખાતે દર અઠવાડિયાના ગુરૂવાર અને શુક્રવારે GST સેવા કેન્દ્ર કાર્યરત રહેશે.કરદાતાઓની સમસ્યાઓ અંગે વિવિધ વેપારી સંગઠનોની રજૂઆત, સરકારનો કરદાતાલક્ષી અભિગમ તથા ''Ease of Doing Business'' નો હેતુ તેમજ મુખ્ય રાજ્ય વેરા કમિશનરશ્રી, ગુજરાત રાજ્યના સકારાત્મક અને જનહિતકારી અભિગમને અનુસરી, જામનગર જિલ્લાના વેપારીઓ અને ઉદ્યોગકારોને નવા GST નોંધણી સંબંધિત પ્રક્રિયામાં સહેલાઈ અને પારદર્શક સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુસર જામનગર ખાતે GST સેવાકેન્દ્ર શરૂ કરવામાં આવશે.

નવા GST નોંધણી માટે અરજી કરનાર કરદાતાઓના દસ્તાવેજોની ચકાસણી તથા આધાર ઓથેન્ટિકેશનની પ્રક્રિયા સરળ અને સમયસર રીતે પૂર્ણ થાય તે હેતુસર તા.૨૬ જાન્યુઆરી થી GST સેવાકેન્દ્ર જિલ્લા સેવા સદન-૨, બીજો માળ, લાલ બંગલો કેમ્પસ, જામનગર ખાતે દર ગુરૂવાર અને શુક્રવારના રોજ સવારે ૧૦૩૦ થી ૬૧૦ સુધી કાર્યરત રહેશે. નોંધણી માટે દરેક નવી અરજીઓમાં સિસ્ટમ મુજબ સ્લોટ સિલેક્શન થોડા સમય માટે હાલ પુરતું જુનાગઢ દર્શાવવામાં આવી શકે છે તેમ છતાં આવી અરજીઓ માટે અરજદારોએ આધાર ઓથેન્ટિકેશન તથા દસ્તાવેજ ચકાસણી માટે નિર્ધારિત દિવસોમાં એટલે કે દર અઠવાડિયે ગુરુવાર અને શુક્રવારે જામનગર ખાતે આવેલ GST સેવાકેન્દ્ર પર હાજર રહેવાનું રહેશે.આ કેન્દ્ર ખાતે નવા GST નોંધણી માટે ઓનલાઈન અરજી કરનાર કરદાતાઓને અરજી બાદ તેમના આધાર કાર્ડની ઓથેન્ટિકેશન પ્રક્રિયા તથા સંબંધિત દસ્તાવેજોની ચકાસણીની કાર્યવાહી કરવામાં આવશે, જેથી નોંધણી પ્રક્રિયામાં વિલંબ ટાળી શકાય અને ખોટી નોંધણી અટકાવી શકાય.આ સુવિધા દ્વારા વેપારીઓ, ઉદ્યોગકારો તથા સામાન્ય જનતાને માર્ગદર્શન અને સહાય ઉપલબ્ધ થશે અને GST નોંધણી પ્રક્રિયા વધુ સુગમ બનશે. તમામ પાત્ર વ્યક્તિઓને આ સુવિધાનો લાભ લેવા તેમજ પૂછપરછ અથવા માર્ગદર્શન માટે ધારા પરીખ, સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટરનો સંપર્ક નં. ૯૭૧૪૫૦૬૫૬૦ કરવા નાયબ રાજ્ય વેરા કમિશનરશ્રી, વર્તુળ-૨૪, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી-સુરેન્દ્રનગર જીલ્લામાં પ્રોહીબીશનના ગુનામાં એક વર્ષથી ફરાર આરોપી પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી તેમજ સુરેન્દ્રનગર જીલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને મોરબી તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા ટીંબડી ગામના બસ સ્ટેન્ડ નજીકથી દબોચી લઈ તેની વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકા પોલીસ માથકની સર્વેલન્સ ટીમ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા અન-ડીટેકટ મિલ્કત સબંધી ગુનાઓને શોધી કાઢવા તેમજ નાસતા-ફરતા આરોપીઓને પકડી અસરકારક કામગીરી કરવા કાર્યરત હોય તે દરમિયાન મોરબી તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશન કેસનો આરોપી વિપુલભાઇ સોમાભાઇ લોદરીયા રહે.ગોપાલગઢ તા-ધ્રાંગધ્રા વાળો છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા હોય જેને શોધી કાઢવા તાલુકા પોલીસ મથક પીઆઇના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમને ખાનગીરાહે મળેલ બાતમીને ઉપરોક્ત નાસતા-ફરતા આરોપી વિપુલભાઇ સોમાભાઇ લોદરીયા ઉવ.૨૬ રહે.ગોપાલગઢ તા-ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગર વાળાને મોરબીના ટીંબડી બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ વાંકાનેર, મોરબી શહેર તેમજ ધ્રાંગધ્રા એમ કુલ પાંચ પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહી.એક્ટના ગુનામાં વોન્ટેડ હોય જેથી તેને હસ્તગત કરી, તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# હળવદ ગૌવંશના કતલના ગુનામાં સંડોવાયેલ કુલ ૮ આરોપીઓની ધરપકડ

**મુખ્ય સમાચાર, મોરબી**



હળવદ જી.આઇ.ડી.સી વિસ્તારમાં રોશની કેમ ફૂડ કારખાનામાંથી ગૌવંશના કતલના ગુનામાં સંડોવાયેલ ૩ મહિલા સહિત કુલ-૮ આરોપીઓની હળવદ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા હળવદ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગૌવંશના કતલ ગુનાના આરોપીઓ સત્વરે પકડી કાર્યવાહી કરવા સુચના કરેલ હોય, જે અનુસંધાને હળવદ પોલીસ માથકમાં ગૌરક્ષક દ્વારા તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ ગૌવંશ કતલ અંગેની ફરીયાદ નોંધાવેલ હોય જે અન્વયે પીઆઇ આર.ટી.વ્યાસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આ ગુનામાં સંડોવાયેલ તમામ આરોપીઓને પકડવા સુચના અને માર્ગદર્શન કરેલ હોય જેમાં હળવદ પોલીસ દ્વારા ટીમ વર્કથી ગૌવંશ ની હત્યા તેમજ ગૌમાંસ રાંધવા મામલે આરોપી અલીમશા ફકીરશા સૈયદ ઉવ.૩૫, આમીનખાન નસીરખાન સૈયદ ઉવ.૨૮, મુન્તાજઅલી ઉર્ફે યુનુશ સુલતાનઅલી સૈયદ ઉવ.૪૫, અનીશા નઈદઅલી રસીદઅલી સૈયદ ઉવ.૪૨, સલમા રાજઅલી શમસેરઅલી સૈયદ ઉવ.૪૦, રૂકશાર આમીન નસીરખાન સૈયદ ઉવ.૨૦ ઉપરોક્ત છ આરોપી રહે.બધા હળવદ GIDC રોશની કેમ નામના મીઠાના કારખાનામાં લેબર કવાટર્સમાં મુળ રહે. મેનપુરી રાજ્ય.ઉતરપ્રદેશ તથા આરોપી ઇકબાલ જમાલભાઇ તકવાડીયા ખાટકી ઉવ.૪૬ રહે. ધાંગધ્રા ખાટકીવાસ જી.સુરેન્દ્રનગર તેમજ આરોપી યાસીનભાઇ રહીમભાઇ ઘોણીયા ઉવ.૩૭ રહે. અન્નક્ષેત્રની બાજુમા હળવદ વાળા એમ કુલ ૮ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# હિટાચી મશીન માથી બેટરીની ચોરી કરનાર બે શખ્સો ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના જુના નાગના ગામની સીમમાંથી એક હીટાચી મશીનમાંથી બે નંગ બેટરી ની ચોરી કરવાના ગુનામાં એલસીબી પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે અને ચોરીના આ ગુના નો ભેદ ઉકલી નાખ્યો છે.એલસીબી. ના પો.ઇન્સ. વી.એમ. લગારીયા ના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.સ્ટાફના એલ.સી.બી.ના પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઈ. એમ.વી.ભાટીયા તથા સ્ટાફ ના માણસો જામનગર શહેર વિસ્તારમાં વાહન ચોરી તથા ઘરફોડ ચોરી ના અને ડીટેકટ ગુન્હા શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા.

દરમ્યાન સ્ટાફ ને મળેલ બાતમી ના આધારે જુનાનાગના ગામ ની સીમ બંધ રેલ્વે ફાટક પાસે બેટરી ની ચોરી કરનાર આરોપીઓ ખીમજીભાઈ અરજણભાઈ છીપરીયા નવાગામ ઘેડ મધુરમ સોસાયટી ટાવરની બાજુમાં જામનગર અને ઘેલુભાઈ ઉર્ફે રફલો દેવાભાઈ જોગસવા રહેવાસી નવાગામ ઘેડ શંકરના મંદિર પાછળ જામનગર.ને.ઝડપી લીધા હતા અને રૂપિયા ૨૦ હજાર ની કિંમત ની બે નંગ ચોરી કરેલ બેટરી કબજે કરી હતી. આરોપી ઘેલુભાઈ ઉર્ફે રફલો દેવાભાઈ જોગસવા વિરૂધ્ધ જામનગર ના સીટી બી. ડીવી પોલીસ સ્ટેશનમાં છ ગુના દાખલ થઈ ચૂક્યા છે.

# જામનગરમાં ગોકુલ નગર નજીકના વિસ્તારમાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલી ૫ મહિલાઓ ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં મહિલાઓ દ્વારા જુગાર રમવા અંગેના અનેક કિસ્સાઓ બહાર આવતા જાય છે, અને પોલીસ દ્વારા તેઓ સામે પોલીસ કેસ કરાઈ રહ્યો છે. જેના ભાગરૂપે ગોકુલનગર વિસ્તારમાં પોલીસે જુગાર રમી રહેલી પાંચ મહિલાઓની અટકાયત કરી છે.જામનગરના સીટી સી. ડિવિઝનના પોલીસ સ્ટાફે ગોકુલ નગર વિસ્તારમાં બુદ્ધિશાગર સ્કૂલ પાસે દરોડો પાડયો હતો. જ્યાંથી જાહેરમાં જુગાર રમી રહેલી રંજનબેન રાજુભાઈ કુડેચા, સુનીતાબેન મોહનભાઈ મકવાણા, રીટાબેન કાળુભાઈ ચૌહાણ, મીનાબેન અલ્પેશભાઈ સરવૈયા, તેમજ મોહિનીબેન જયંતીભાઈ બારૈયા વગેરે પાંચ મહિલાઓની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૨૧,૨૦૦ની રોકડ રકમ તેમજ જુગારનો સામાન કબજે કર્યો છે

# મોરબીમાં મુખ્યમંત્રી શહેરી આવાસ યોજના હેઠળ અધૂરા આવાસોનું કામ ફરી શરૂ થશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં સરકારની મુખ્યમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત IHSDP યોજના હેઠળ કામધેનુ બાયપાસ પાસે દલવાડી સર્કલ ખાતે નિર્માણ થયેલા આવાસોના અધૂરા કામને ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ આવાસોનો કોમ્પ્યુટર આધારિત ડ્રો તારીખ ૨૨ માર્ચ ૨૦૨૧ના રોજ યોજાયો હતો અને લાભાર્થીની આખરી યાદી પણ થઈ ચૂકી છે. હાલ ટેન્ડરની તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને આગામી સપ્તાહમાં વર્ક ઓર્ડર આપવામાં આવશે. ત્યારબાદ છ માસની અંદર આવાસોનું કામ પૂર્ણ કરી લાભાર્થીઓને આવાસોની સોંપણી કરવામાં આવશે.

મોરબી મહાનગરપાલિકાની આવાસ વિભાગની પ્રેસ યાદી મુજબ, મોરબીમાં સરકારની મુખ્યમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત IHSDP હેઠળ કામધેનુ બાયપાસ પાસે દલવાડી સર્કલ સર્વે નંબર ૧૪૧૫/૩ ની જગ્યા એ ૬૦૮ આવસો નિર્માણ કરવામાં આવેલ છે.

આ આવાસનો કોમ્પ્યુટર આધારિત ડ્રો ૨૨ માર્ચ ૨૦૨૧ના રોજ થયેલ હતો . અને આ લાભાર્થીની યાદી આખરી કરવામાં આવેલ છે. જે અન્વયે ૬૦૮ અધૂરા આવાસોનું કામ હાથમાં ધરવામાં આવેલ છે. જેની ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ છે. અને વર્ક ઓર્ડર આગામી સપ્તાહમાં આપી દેવામાં આવશે. અને ત્યારબાદ આગામી ૬ માસમાં આવાસનું કામ પૂર્ણ કરીને આવાસની સોંપણી કરવામાં આવશે. આ સાથે ઘરવિહોણા લાભાર્થીને ફાળવણી કરવામાં આવશે. તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી ઈન્દિરાનગરમાંથી વર્લીફીચર્સના આંકડાનો જુગાર રમતા છ ઈસમો ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી ક્રાઇમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે ઇન્દિરાનગર ખારોપાટ વિસ્તારમાં રેઇડ કરતા જ્યાં વર્લીફીચરનો જુગાર રમી-રમાડતા છ ઇસમોને રોકડા રૂપિયા ૩૨,૦૦૦/- તથા વર્લીસાહિત્યના મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યા હતા, ત્યારે પકડાયેલ તમામ આરોપીઓ વિરુદ્ધ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડને સયુંકતમાં ખાનગીરાહે બાતમી મળી કે, મોરબીના ઇન્દિરાનગર ખારોપાટ વિસ્તાર ડેકો કારખાનાની પાછળ જાહેર ખુલ્લી જગ્યામાં અમુક ઇસમો વર્લીફીચરના નશીબ આધારિત આંકડા લખી જુગાર રમી રમાડતા હોય જેથી હકીકતવાળી જગ્યાએ રેઇડ કરતા જ્યાં આરોપી જગદીશ હરીલાલ જોશી ઉવ.૫૫ રહે. મોરબી, પ્રકાશભાઇ મનુભાઇ વરાણીયા ઉવ.૨૯ મોરબી-૨, સુનીલ ધીરૂભાઇ સુરેલા ઉવ.૩૫ રહે.ઈંદીરાનગર મોરબી, મનિષભાઇ રાજુભાઈ સુરેલા ઉવ.૨૨ રહે ઈંદીરાનગર મોરબી, સંજયભાઇ અવચરભાઇ જંજવાડીયા ઉવ.૨૦ રહે.વીસીપરા મોરબી તથા મનોજગર બટુકગર ગોસાઇ ઉવ.૩૮ રહે. વાવડીરોડ મોરબી વાળાને જુગાર સાહિત્ય વર્લીફીચરના આંકડા લખેલ નોટબૂક તથા બોલપેન તેમજ રોકડ રૂ.૩૨,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી મોરબી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા તળે ગુનો નોંધાવી આગળની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ડેવલપમેન્ટ પ્લાનની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોરબી મહાનગરપાલિકા વિસ્તારના આયોજનબદ્ધ વિકાસ માટે તૈયાર કરવામાં આવી રહેલા વિકાસ યોજના (ડેવલપમેન્ટ પ્લાન)ની પ્રગતિ અંગે સમીક્ષા કરવા અર્થે મહત્વની બેઠક મોરબી મહાનગરપાલિકા કમીશ્નર તથા નાયબ કમિશનર અને મુખ્ય કારોબારી અધિકારી, મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષ સ્થાને તારીખ ૨૦/૦૧/૨૦૨૬ ના રોજ યોજવામાં આવી હતી. જેમાં ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની કામગીરીના વિવિધ પાસાઓ અને વર્તમાન સ્થિતિ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ખાસ કરીને એવા વિસ્તારો કે જે હાલમાં ડેવલપમેન્ટ પ્લાન હેઠળ આવરી લેવામાં આવ્યા નથી, તેવા વિસ્તારોમાં બાંધકામની તથા સંબધિત અન્ય મંજૂરીઓ અને માળખાકિય સુવિધાઓનો લાભ જાહેર જનતાને મળી રહે તે અર્થે મુસદ્દારૂપ વિકાસ યોજના તૈયાર કરવાની કામગીરીને ઝડપથી પુર્ણ જરૂરી માર્ગદર્શન તથા જરૂરી સુચના આપવામાં આવેલ હતી.

સત્તામંડળ દ્વારા આ ડેવલપમેન્ટ પ્લાન અમલી બનવાથી અત્યાર સુધીના ૧૯૭૧ ના ડેવેલપમેંટ પ્લાન બહારના વિસ્તારોમાં નિયમાનુસાર જે તે ઝોન મુજબની બાંધકામ પરવાનગી આપવી શક્ય બનશે, જેનાથી નાગરિકોને કાયદેસરના બાંધકામ માટેની સુવિધા પ્રાપ્ત થશે. આ પ્રક્રિયાના પરિણામે મોરબી શહેરનો વિકાસ વધુ સુદ્રઢ, સુઆયોજિત અને શિસ્તબદ્ધ થશે. જે મુજબ આધુનિક આંતરમાળખાકીય સુવિધાઓ સાથેનું આયોજન હાથ ધરવામાં આવશે, જેનો સીધો લાભ સ્થાનિક જનતાને મળશે.

# ઉનાના સનખડા ગામે SMC એ મીની દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી

## રૂ. ૨,૭૦,૩૦૦નો મુદામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના સનખડા ગામે આવેલ રાજુ ઉર્ફે રાકેશ મકવાણા ના ખેતર માં દેશી દારૂ ની ભઠ્ઠી પર રેડ પાડવામાં આવી હતી. આ રેડ દરમિયાન પોલીસ ને ૫૨૦ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૧,૦૪,૦૦૦ તેમજ ૪૯૨૦ લીટર દેશી દારૂનું વોશ કિંમત રૂ. ૧,૨૩,૦૦૦ મળી આવ્યું હતું. આ ઉપરાંત ૩ મોબાઈલ કિંમત રૂ. ૯,૦૦૦ / ૩૦૦ કિલો લાકડું રૂ. ૪,૫૦૦ /૫૨૫ કિલો ગોળ રૂ. ૫,૨૫૦ /રોકડ રૂ. ૨,૪૫૦ /તેમજ ૨ વાહનો કિંમત રૂ. ૨૦,૦૦૦ મળી કુલ રૂ. ૨,૭૦,૩૦૦ નું મુદામાલ જપ્ત કરવામાં આવ્યું છે. આ કેસમાં પ્રોહિબિશન એક્ટ કલમ 65 E, B, C, D, F, 81, 98(2) તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ 111 2 B હેઠળ ગુનો નોંધવામાં આવ્યો આ કાર્યવાહી દરમિયાન પોલીસે બે આરોપીઓને પકડીને ઉના પોલીસ સ્ટેશનને સોંપ્યા છે.જેમાં (૧) રાજુ ઉર્ફે રાકેશ લક્ષ્મણભાઈ મકવાણા (રહે. સનખડા - મુખ્ય આરોપી તથા સૂચિબદ્ધ બુટલેગર (૨) પીઠુ રસા ઘારવી (રહે. સનખડા - નોકર) જ્યારે બે આરોપીઓ હજુ ફરાર છે. જેમાં (૩) નરેશ કેશુભાઈ મકવાણા (રહે. સનખડા) (૪) યોગેશ (રહે. જાફરાબાદ, જી. અમરેલી) - દારૂનો ગ્રાહક હોવાનું જાણવા મળ્યું છે.

# મોરબી ટંકારા ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની જીલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિનની જીલ્લા કક્ષાની ઉજવણી મોરબીના ટંકારા ખાતે યોજાવા જઈ રહી છે. આ ઉજવણી અંતર્ગત હેલીપેડ ગ્રાઉન્ડ, સર્કિટ હાઉસ પાછળ લતીપર રોડ ટંકારા ખાતે ધ્વજવંદન સમારોહ યોજાશે. કાર્યક્રમમાં મોરબી જીલ્લાના કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ કિરણ બી. ઝવેરીના વરદ હસ્તે ધ્વજવંદન કરશે. સવારે ૮-૪૫ કલાકે શરૂ થનારા કાર્યક્રમમાં પરેડ નિરીક્ષણ, પ્રાસંગિક ઉદ્બોધન, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિશેષ વ્યક્તિઓનું સન્માન તથા વૃક્ષારોપણ યોજાશે.

ભારતના ૭૭મા પ્રજાસત્તાક પર્વની જીલ્લા કક્ષાની ઉજવણી મોરબી જીલ્લામાં આ વર્ષે ટંકારા ખાતે ભવ્ય રીતે આયોજન કરવામાં આવી છે. ટંકારા હેલીપેડ ગ્રાઉન્ડ, સર્કિટ હાઉસ પાછળ, લતીપર રોડ ખાતે યોજાશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મોરબી જીલ્લા કલેકટર કિરણ બી. ઝવેરી ઉપસ્થિત રહી ધ્વજવંદન કરશે. કાર્યક્રમની શરૂઆત સવારે ૮-૪૫ કલાકે થશે. સવારે ૮-૫૮ કલાકે કલેકટરનું ધ્વજવંદન સ્થળે આગમન થશે, ત્યારબાદ સવારે ૯-૦૦ થી ૯-૦૨ દરમિયાન તેમના વરદ્? હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે જે બાદ ૯-૦૩ થી ૯-૧૨ દરમિયાન કલેકટર દ્વારા પરેડનું નિરીક્ષણ કરવામાં આવશે. ત્યાર-બાદ, તેમનું પ્રાસંગિક ઉદ્બોધન યોજાશે. કાર્યક્રમના આગામી તબક્કામાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યક્તિ વિશેષશ્રીઓનું સન્માન, રાષ્ટ્રગાન અને અંતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.

આ સાથે જીલ્લા પ્રશાસન દ્વારા જીલ્લાના તમામ નાગરિકો, અધિકારીઓ, કર્મચારીઓ તથા જનતાને આ ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં હાજર રહી પ્રજાસત્તાક પર્વની ઉજવણીને યાદગાર બનાવવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

# અકસ્માત સામે જાગૃત્તિ માટે ટ્રાફિક શાખા દ્વારા કેમ્પ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર નેશનલ રોડ સેફ્ટી-૨૦૨૬ અંતર્ગત ટ્રાફિક શાખા. આર.ટી.ઓ.જામનગર સંકલન કરી હેવી તથા મોટા વાહનોના ડ્રાઈવરોને અકસ્માત ટાળવાના હેતુથી તેમજ સલામતી જળવાઈ રહે તે બાબતે તથા હાઈવે ઉપર હેવી વાહન ચલાવવા બાબતે પ્રોજેક્ટરના માધ્યમથી પિકચર બતાવી બ્લાઈન્ડ સ્પોટ અને લેન ડ્રાઈવિંગ અંગે સંપૂર્ણ તાલીમનું આર.ટી.ઓ કચેરી જામનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.૩

જેમાં સંખ્યાબંધ ડ્રાઈવરોના આંખોની તપાસણી માટે કેમ્પનું આયોજન કરી સ્થળ ઉપર જ ચશ્મા બનાવી વિતરણ કરવામાં આવ્યા હતાં અને તમામ ડ્રાઈવરોને હાઈવે ઉપર વાહન ચલાવતી વખતે સલામતી અને સુરક્ષા જળવાઈ રહે તે માટે તાલીમ આપવામાં આવી હતી.

# રાજકોટના અટલ સરોવરનું અનોખું આકર્ષણ, આજ દિન સુધી ૧૪ લાખથી વધુ લોકોએ લીધી મુલાકાત

**રાજકોટ સ્માર્ટ સિટી પ્રોજેક્ટના ભાગરૂપે રાજકોટને મળ્યું છે અટલ સરોવર**

## પર્યાવરણને ધ્યાનમાં રાખીને ૭૫ એકરમાં રિડ્યુસ, રિયૂઝ અને રિસાઈકલના સિદ્ધાંતો પર થયું છે અટલ સરોવરનું નિર્માણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા અઢી દાયકામાં ગુજરાતે શહેરીકરણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. વર્ષ ૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શહેરી વિકાસ વર્ષની ઉજવણીથી આયોજનબદ્ધ શહેરી વિકાસનો પાયો નાખ્યો હતો. આ ૨૦ વર્ષની વિકાસયાત્રાની ઉજવણી કરતાં ગુજરાત સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ જાહેર કર્યું હતું. વ્યવસ્થિત શહેરી આયોજન, દૂરંદેશી નીતિઓ અને અસરકારક અમલીકરણ દ્વારા ગુજરાતના શહેરોએ સતત પ્રગતિ કરી છે. ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મુખ્ય શહેરોમાં માળખાગત સુવિધાઓ અને નાગરિક સેવાઓનું સતત વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. રાજકોટ શહેરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત વિકસેલું અટલ સરોવર તેનું ઉત્તમ ઉદાહરણ છે.

અટલ સરોવરનું માર્ચ ૨૦૨૪માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. ૧ મે ૨૦૨૪ના રોજ ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે આ સરોવર જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આજ દિન સુધીમાં ૧૪ લાખથી વધુ લોકો અટલ સરોવરની મુલાકાત લઈ ચૂક્યા છે. અટલ સરોવરની ખાસિયત એ છે કે, તેને આધુનિક મનોરંજન અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવ્યું છે.

અટલ સરોવરના મુખ્ય આકર્ષણો : અટલ સરોવર ખાતે આવતા મુલાકાતીઓ માટે બગીચો, ખાસ કરીને બાળ ઉદ્યાન, ફેરિસ વ્હીલ, બોટિંગ સુવિધા અને ટૉય ટ્રેન જેવા આકર્ષણો છે. નાગરિકો માટે ચાલવાનો ટ્રેક, સાઈકલ ટ્રેક અને ૬૦૦ ફોર-વ્હીલર અને ૧૦૦૦ ટૂ-વ્હીલર માટે સોલર પેનલ યુક્ત પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, બે એમ્ફીથિયેટર, પ્રવેશ પ્લાઝા, પાર્ટી પ્લોટ, ૧૬ દુકાનો ધરાવતું ઓપન ફૂડ કોર્ટ, ૧૨ દુકાનો સાથેનું ક્લોઝ્ડ ફૂડ કોર્ટ અને -માલિકીના ગ્રામહાટ અંતર્ગત ૪૨ દુકાનો વિકસાવવામાં આવી છે, જે રેવન્યુ સુનિશ્ચિત કરે છે. આ ઉપરાંત, એક વિશાળ ધ્વજસ્તંભ, લાઈટ એન્ડ સાઉન્ડ શૉ અને અન્ય સુવિધાઓ અટલ સરોવરને રાજકોટ અને સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં એક મુખ્ય આકર્ષણ બનાવશે.



# રાજકોટ શહેરકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી પૂર્વે ચૌધરી હાઈસ્કૂલ ખાતે થયું રિહર્સલ

### ધ્વજવંદન, પરેડથી લઈને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ થઈઃ ગૌરવપૂર્ણ માહોલમાં રાષ્ટ્રીય પર્વ ઉજવવા વિભાગોને અપાઈ સૂચના



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર-જિલ્લામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની દેશભક્તિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવા જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશના નિર્દેશમાં વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાજકોટ શહેરકક્ષાના પ્રજાસત્તાક પર્વની ચૌધરી હાઈસ્કૂલ ખાતે થનારી ઉજવણી પૂર્વે આજે સવારે સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવ્યું હતું.

સવારે ૯ કલાકે રિહર્સલનો પ્રારંભ થયો હતો. સૌથી પહેલા ધ્વજવંદન-રાષ્ટ્રગાન થયું. બાદમાં અધિકારી દ્વારા પરેડ નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. એ પછી પોલીસ, હોમગાર્ડ્સ તથા એન.સી.સી.ની ગર્લ્સ બટાલિયનની પ્લાટૂન દ્વારા માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી. આ તકે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા યોગ તેમજ સાંસ્કૃતિક નૃત્ય કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

સમગ્ર રિહર્સલના ઝીણવટપૂર્વક નિરિક્ષણ બાદ પશ્ચિમ મામલતદાર એ.એમ. જોશી, દક્ષિણ મામલતદાર આર.કે. સરવૈયા, તથા પૂર્વ મામલતદાર એન. પી. અજમેરા સહિતના અધિકારીઓએ પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગૌરવપૂર્ણ માહોલમાં યોજાય તે માટે વિવિધ વિભાગો-ટીમને જરૂરી સૂચનાઓ આપી હતી.

મહત્ત્વનું છે કે, ચૌધરી હાઈસ્કૂલના પ્રાંગણમાં ૨૬મીએ શહેરકક્ષાના પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિવાસી અધિક કલેક્ટર એન.કે. મુછારની અધ્યક્ષતામાં કરવામાં આવશે.

# શાપર ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારના ટી.બી.ના 30 જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ કિટનું વિતરણ

### દર્દીઓને દવાની સાથેસાથે પૌષ્ટિક આહાર લેવા બાબતે ભાર મૂકાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ટી.બી. મુક્ત ભારત અભિયાનને સાકાર કરવાના ઉમદા હેતુથી એક કદમ માનવતા કી ઓરના સૂત્ર સાથે રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા લાયન્સ ક્લબ ઓફ રાજકોટ પ્રાઈડના સહયોગથી પોષણ કિટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગત તા. ૨૨ જાન્યુઆરીના રોજ આયોજિત આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે શાપર ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારના ૩૦ જેટલા ટી.બી.ના જરૂરિયાતમંદ દર્દીઓને નિક્ષય મિત્ર બનીને પોષણ આહાર કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ દર્દીઓને નિયમિત સારવાર લેવા અને મક્કમ મનોબળ સાથે ટી.બી.થી મુક્ત થવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબના પોરબંદર જિલ્લાના અધ્યક્ષ શ્રી નિધિબેન મોઢવાડિયાએ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. પોતે ટી.બી. ચેમ્પિયન હોવાથી તેમણે દર્દીઓ સાથે વ્યક્તિગત અનુભવો વહેંચી, તેમનો આત્મવિશ્વાસ વધાર્યો હતો. કાર્યક્રમ દરમિયાન ટી.બી. હારેગા, દેશ જીતેગાના સૂત્રોચ્ચાર સાથે સૌએ સાથે મળીને ભારતને ટી.બી. મુક્ત બનાવવાનો સંકલ્પ લીધો હતો. ક્લબના આગેવાનોએ દર્દીઓને દવાની સાથેસાથે પૌષ્ટિક આહાર લેવા બાબતે ભાર આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે,પોષણક્ષમ આહારની કિટમાં મગ, ચણા, મઠ, સોયાબીન, રાજમા, પંચરત્ન દાળ, મગદાળ, ચણાદાળ, તુવેરદાળ, ચોળા, ચોખા, સીંગદાણા, ખજૂર, ગોળ અને દાળિયા જેવા ધાન્યનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તકે રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફે લોકોને પણ ક્ષયમુક્ત ભારતના સેવાયજ્ઞમાં જોડાવવા માટે ટી.બી.ના દર્દીઓને પોષણ કીટ આપીને નિક્ષય મિત્ર બનવા માટે અનુરોધ કર્યો હતો.

# વાંકાનેરમાં સ્વીફ્ટ કાર સાથે ટોઈંગ કરેલ ઈકો કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

### દારૂની હેરાફેરીનો નવતર પ્રયોગ પણ ફેઈલ ૪૭૨ બોટલ વિદેશી દારૂ સાથે ત્રણની ધરપકડ, ૧૧.૦૯ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર શહેરમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગ દરમિયાન વાંકાનેર સીટી પોલીસે જીનપરા જકાતનાકાથી સીટી સ્ટેશન રોડ તરફ જતા સર્વિસ રોડ ઉપર સ્વીફ્ટ કાર સાથે ટોઈંગ કરાયેલી ઈકો કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઈકો કારમાંથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૪૭૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે સ્વીફ્ટ કાર, ઈકો કાર અને ચાર મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧૧.૦૯ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે દારૂ ભરી આપનાર થાનગઢના અન્ય એક આરોપીનું નામ ખુલવા પામ્યું હતું.

વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ ગત રાત્રીના નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાંકાનેર જીનપરા જકાતનાકાથી સીટી સ્ટેશન રોડ તરફ જતા સર્વિસ રોડ ઉપર હરસિદ્ધિ હોટલ નજીક એક સફેદ રંગની સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૩૬-એપી-૫૭૨૯ એક કાળા કાચવાળી ઈકો કાર રજી.નં. જીજે-૩૬-એએફ-૩૨૩૫ને ટોઈંગ કરી લઈ જઈ રહી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. શંકા જતા બંને વાહનોને રોકવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન ઈકો કારમાંથી પુઠાના બોક્સ અને પ્લાસ્ટિકના કોથળામાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડ અને ક્ષમતાની કુલ ૪૭૨ બોટલ કિ.રૂ.૩,૯૬,૮૫૦/-મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી દિપાલ મુકેશભાઈ સંખેસરીયા ઉવ.૨૨ રહે. વાંકાનેર હરસિદ્ધિ હોટલની બાજુમાં, બાદલ રસિકભાઈ કાંજીયા ઉવ.૨૪ રહે.મોરબી લાભનગર-૨ ધરમપુર રોડ તથા ઈન્દ્રજીત રાજુભાઈ ગોસ્વામી ઉવ.૨૩ રહે.કેરાળા તા.વાંકાનેર વાળાની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે પકડાયેલ આરોપીઓની પૂછપરછ દરમિયાન આ વિદેશી દારૂનો જથ્થો સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢમાં મફતીયાપરા વિસ્તારમાં રહેતા હરદીપભાઈ કાઠી પાસેથી લાવ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી તે આરોપીને ફરાર દર્શાવી વાંકાનેર સીટી પોલીસે વિદેશી દારૂ, સ્વીફ્ટ તથા ઈકો કાર ૪ નંગ મોબાઈલ સહિત કુલ રૂ.૧૧,૦૯,૩૫૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ ચારેય આરોપીઓ સામે પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# ૭૭મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી

### પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે જેતપુરમાં ધ્વજવંદન કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જેતપુરમાં હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે જિલ્લાકક્ષાનો ધ્વજવંદન સમારોહ તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૦૯ કલાકે યોજાશે.

જેમાં ગુજરાત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ અને પ્રોટોકોલ તેમજ રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ તકે પરેડ નિરીક્ષણ, માર્ચ પાસ્ટ, સ્વતંત્રતા સેનાનીઓ અને વિશિષ્ટ કામગીરી કરનારા વ્યક્તિઓનું સન્માન કરાશે. તેમજ સાંસ્કૃતિક કૃતિઓ અને ટેબ્લો પ્રદર્શિત કરાશે.

# બાળકીને તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવતી મોરબી ૧૮૧ અભયમ ટીમ તથા ચાઈલ્ડ હેલ્પલાઈન (૧૦૯૮ ) તથા જનરક્ષક (૧૧૨) ટીમની સરાહનીય કામગીરી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન માં એક સજ્જન વ્યક્તિ દ્વારા ફોન આવેલ કે એક બાર વર્ષની આસપાસની ઉંમરની બાળકી મળી આવેલ છે અને ભૂલી પડી ગયેલ છે મદદ માટે ૧૮૧ ટીમ ની જરૂર છે

માહિતી મળતા જ ૧૮૧ ટીમના કાઉન્સિલર સેજલ પટેલ કોન્સ્ટેબલ રમીલાબેન તેમજ પાયલોટ મહેશભાઈ તે અજાણી બાળકી સુધી પહોંચેલ સજ્જન વ્યક્તિએ જણાવેલ કે આ બાળકી રસ્તા પર એકલી હોય ગભરાયેલ હોય ત્યારબાદ સૌ પ્રથમ બાળકીને સાંત્વના આપી સરળતાપૂર્વક વાતચીત કરી પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ બાળકી ડરી ગયેલ હોવાથી કશું બોલતી ના હોય જેથી પ્રાથમિક માહિતી મળેલ ના હોય જેથી ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમ (૧૦૯૮) જનરક્ષક (૧૧૨) ટીમ સંકલનમાં રહી બાળકીને રેસ્ક્યુ વાનમાં બેસાડી આજુબાજુના વિસ્તારમાં લઈ જઈ સરનામું જાણવાનો પ્રયત્ન કરે ત્યારબાદ ઘણા પ્રયત્નો બાદ તેમના પરિવાર મળી આવતા તેમનું કાઉન્સિલ કરતા તેમણે જણાવેલ કે તેઓ ઓડિસા ના હોય મોરબી કંપનીમાં મજૂરી કામ કરવા માટે આવેલા હોય તેવો પોત પોતાના કામમાં વ્યસ્ત હોય ત્યારે બાળકી તેમને જાણ કર્યા વગર નીકળી ગયેલ અને રસ્તો ભૂલી ગયેલ હોય તેઓએ આજુબાજુના ઘણા લોકોને તેમની બાળકી બાબતે પૂછપરછ કરેલ પરંતુ કાંઈ ખબર મળેલ ના હોય અને તેઓ પણ ચિંતિત હતા અંગે તેમની દીકરીના તમામ આધાર પુરાવા મેળવી તેમના પરિવારને સલાહ સુચન માર્ગદર્શન કાયદાકીય માહિતી આપેલ હવે પછી તેમને તેમની દીકરીને ધ્યાન રાખવા માટે જણાવેલ આમ બાળકીને એના પરિવાર સાથે સુખદ મિલન કરાવી સરાહનીય કામ કરતી મોરબી ૧૮૧ અભયમ તથા ચાઈલ્ડ હેલ્પલાઈન તથા જનરક્ષક ટીમ

# સત્યમપાર્કમાં આર્થિકભીંસથી સોની પરિવારનો સામુહિક આત્મહત્યાનો પ્રયાસ



### મંદી અને લોનના હપ્તા ચડી જતા પુત્ર સાથે દંપતિએ ઝેરી ટીકળા ખાધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આર્થિક ભીંસથી સોની પરિવારના ૩ સભ્યોએ સામુહિક આપઘાતનો પ્રયાસ કરતા ખળભળાટ મચી ગયો છે. ધંધામાં મંદી, લોનના હપ્તા ચડી જવા સહિતના કારણો જાણવા મળ્યાં છે. નિલેશભાઈ સવદાસ તેમના પત્ની ચંદ્રિકાબેન, પુત્ર માર્ગીનએ રાત્રે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. ત્રણેયને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. ઈમરજન્સી વિભાગમાં સારવાર હેઠળ છે. આ અંગે માહિતી મળતા પોલીસ દોડી ગઈ હતી. નિવેદન લીધા હતા અને વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગેની મળતી માહિતી અનુસાર, નિલેશભાઈ રતિ-લાલ સવદાસ (ઉં.વ.૫૫) તેમના પત્ની ચંદ્રિકાબેન નિલેશભાઈ સવદાસ (ઉં.વ. ૫૦) પુત્ર માર્ગીન નિલેશભાઈ સવદાસ (ઉં. વ. ૨૨) (રહે. ત્રણેય સત્યમ પાર્ક, ૮૦ ફૂટ રોડ, રાજકોટ) રાત્રે એક વાગ્યાં આસપાસ પોતાના ઘરે હતા ત્યારે ત્રણેયએ સામુહિક રીતે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. ત્રણેયને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અહીં ઈમરજન્સી વિભાગમાં તેઓની સારવાર ચાલુ છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસ મથકે જાણ કરતા પોલીસ હોસ્પિટલ દોડી ગઈ હતી. તપાસમાં જાણવા મળેલ કે, પરિવાર સોરઠીયા વાડી સર્કલથી આગળ ૮૦ ફૂટ રોડ, સત્યમ પાર્કમાં રહે છે. અગરબત્તીનો વેપાર કરે છે. તેઓ જે ફફ્લેટમાં રહે છે તેના ઉપર લોન લીધી હતી. પહેલા ધંધો સારો ચાલતો હતો. પછી ધંધામાં મંદી આવતા ફ્લેટની લોનના હપ્તા ચડી ગયા હતા. જેથી આર્થિક ભીંસ આવી પડી હતી. આ ચિંતામાં

પરિવારે સામુહિક આપઘાતનો પ્રયાસ કર્યાનું જાણવા મળે છે. નિલેશભાઈ બે ભાઈ અને એક બહેનમાં વચેટ છે. તેમને અને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. દીકરો માર્ગીન કુંવારો છે. નિલેશભાઈએ છ વર્ષ પહેલા લોન ઉપર ૧૪ લાખની કિંમતનો ફ્લેટ લીધો હતો. તે માટે ચાર લાખ રોકડા ભરી દસ લાખની દીકરીના નામની લોન કરી હતી. અને મહિને સાડા સાત હજારનો હમો નક્કી થયો હતો. છેલ્લા કેટલાક સમયથી લોનના હમા સમયસર ભરી શકાતા ન હોય અને લોન પેટે આપેલા છ ચેક બાઉન્સ થયા હતા. જેથી પગલું ભર્યું છે. ત્રણેયની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. થોરાળા પોલીસે આ અંગે નિવેદન લીધા હતા.

### રાજકોટમાં વ્યાજખોરોએ ફરી લખણ ઝળકાવ્યા

# બંદૂકની અણીએ યુવકનું અપહરણ કરી સાટાખત લખાવી લીધુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વ્યાજખોરોએ યુવકનું અપહરણ કરી ૧૧ કલાક સુધી ગોંધી રાખી, લમણે બંદૂક રાખી ફલેટનું બળજબરી પૂર્વક સાટાખત લખાવી લીધું હતું. આ અંગે વ્યાજખોર પિતા-પુત્ર સહિત સાત શખ્સો સામે રાજકોટ તાલુકા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

ફરિયાદમાં ધર્મેશ પ્રકાશભાઈ સિધ્ધપુરા (ઉંમર વર્ષ ૨૮, રહે.આરાધના એપાર્ટમેન્ટ, બેડી ચોકડી પાસે, રાજકોટ)એ પ્રશાંત શૈલેષ તરાવીયા, શૈલેષ તરાવીયા, કરણ પેથાણી, યશ લીંબાશીયા, સાહિલ ગાજીપરા, પ્રભાત આહીર અને યશ ખૂંટ સામે આક્ષેપો કર્યા છે. ફરિયાદમાં જણાવ્યુ કે, તેઓ અગાઉ સ્પીડવેલ ચોક પાસે રહેતા હતા ત્યારે બાપાસીતારામ ચોક પાસે ગેરેજ ચલાવતા પ્રશાંત સાથે મિત્રતા થઈ હતી.

પૈસાની જરૂરીયાત ઉભી થતા પ્રશાંતભાઈ પાસેથી ૩ લાખ વ્યાજે લીધા હતા. સૌ પ્રથમ પ્રશાંતએ રૂપિયા ૨.૪૦ લાખ આપ્યા હતા. જેના બદલામાં ફરિયાદીએ કાર અને એક ચેક ગીરવે આપ્યા હતા અને ૨.૪૦ લાખની સામે આરોપીએ ૧૫ હજાર કાપી લીધા હોવાનુ અને બાકીના ૬૦ હજાર સગવડ થાય ત્યારે આપવાનુ કહ્યુ હતું. આમ છતા પ્રશાંતે ૬૦ હજાર ન આપી ઉઘરાણી શરૂ કરી હતી.

આ સમયે તેમણે ૫ ટકાની બદલે ૨૦ ટકા લેખે ત્રણ લાખ આપ્યાનું કહેતા ધર્મેશભાઈએ આટલુ વ્યાજ નહીં ભરી શકે તેમ જણાવ્યુ હતું. આ છતા આરોપી પ્રશાંતે પઠાણી ઉઘરાણી ચાલુ રાખી હતી. તા.૬/૧૨ના રોજ ફરિયાદી સહકાર મેઈન રોડ પર આવેલા પોતાના ઘરેથી શાપરમાં તેમની પત્નીને લેવા માટે ઘર બહાર નીકળ્યા ત્યારે ત્યા અગાઉથી જ ઉભેલા પ્રશાંતના ગેરેજ કામ કરતા યશ લીંબાસીયા અને કરણ પેથાણીએ કહ્યુ કે, તેમને પ્રશાંતના પિતા શૈલેષભાઈ ગેરેજ બોલાવે છે. પૈસા બાબતે વાત કરવી છે તેમ કહી બંને ગાડીમાં બેસાડી ગેરેજમાં લઈ ગયા પૈસા ઉઘરાણી કરી હતી જેથી ધર્મેશે હાલ પૈસા નથી બે મહિના પછી પૈસા આપી દઈશ તેમ જણાવ્યુ હતું

આમ અત્યારે જ આપવા પાડશે તેમ કહી પઠાણી ઉઘરાણી કરી હતી. પૈસા ન હોય તો સાટાખત કરી આપવુ પડશે તેમ કહ્યુ હતું. ત્યારબાદ ગેરેજમાં કરતા યશએ ઢીકા પાટુનો માર માર્યો હતો. આરોપી પિતા-પુત્રએ પરાણે ધાક ધમકીથી બાઈકમાં બેસાડી મવડી ચોકડી ખાતે વકીલની ઓફિસે લઈ જઈ બળજબરી પૂર્વક જામનગર રોડ પર આવેલ ફલેટનું સાટાખત કરાવી લીધું હતું.

ત્યારબાદ અલગ અલગ સમયે પ્રશાંતના મિત્ર સાહીલ ગાજીપરા અને પ્રભાત આહીરએ કારમાં આવી બેફામ મારમાર્યો હતો અને ત્યારબાદ અન્ય કારમાં આવેલા યશ ખૂંટે ધર્મેશના લમણે બંદૂક રાખી કહ્યુ કે, તુ બીજા બધાને ભૂલી જજે તારે હવે રૂપિયા મને આપવાના તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અને ત્યારબાદ આ લોકોને આજીજી કરતા અંતે ૧૧ કલાક બાદ તેઓએ ધર્મેશને જવા દીધો હતો.

# બેટી રામપરા ગામે પુત્રએ પિતાના હાથ પગ ભાંગી નાખ્યા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે બેટી રામપરા ગામે પુત્રએ પિતાના હાથ પગ ભાંગી નાખ્યાની ઘટના બની છે. તળશીભાઈને સિવિલમાં દાખલ કરાયા હતા. પુત્રી અન્ય યુવક સાથે જતી રહીં હોય તે બાબતે સમાજમાં વાત કરવાનું કહેતા પુત્રએ હુમલો કર્યો હતો.

આ અંગેની મળતી માહિતી મુજબ, તળશીભાઈ વાઘાભાઈ ભાટી (ઉંમર વર્ષ ૫૦, રહે. બેટી રામપરા ગામ, તા. રાજકોટ) સાંજના ૭ વાગ્યાની આસપાસ ઘરે હતા ત્યારે તેના દીકરા કાનાએ ઝઘડો કરી પાઈપ વડે માર મારતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. તેઓએ જણાવ્યું કે, તેમની એક દીકરી સમાજના યુવક સાથે જતી રહીં છે. જેને પરિવાર શોધી રહ્યા છે. જેથી પિતા પુત્ર બંને રાત્રે વાત કરતા હતા.

જેમાં પિતાએ સમાજના આગેવાનો સામે આ પ્રશ્ન લઈ જવા સલાહ આપી પણ પુત્ર તેમાં સહમત થયો નહીં. જેથી બંને વચ્ચે ઝઘડો થયો જેમાં પુત્રએ બેફામ પિતાને પાઈપ વડે માર માર્યો હતો. તળશીભાઈ ભંગારનો વેપાર કરે છે. તેને સંતાનમાં ૩ દીકરા અને ૩ દીકરી છે. એરપોર્ટ પોલીસે તેનું નિવેદન નોંધવા તજવીજ કરી હતી.બાદ ગઈ તા. ૧૮/૩/૨૦૨૪ ના પતિ પત્નીને સુરત પિયર મૂકવા આવ્યો હતો અને અહીં એક દિવસ રોકાયો હતો.

**દુઃખદ અવસાન - પ્રાર્થનાસભા/ઉઠમણું**



રાજકોટ : ઔદિચ્ય સિમ્બર સમવાય બ્રાહ્મણ મનુભાઈ ઈશ્વરલાલ જોશી (ઉંમર ૮૬ વર્ષ), રિટાયર્ડ દેના બેંક ઓફિસર), તે દિપક જોશીના પિતા વિભૂતિ દિપક જોશીના સસરા તથા સલોનીના દાદાનું તા. ૨૨-૦૧-૨૦૨૬, ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**સ્વ. મનુભાઈ ઈશ્વરલાલ જોશી**
સ્વ. તા. ૨૨-૦૧-૨૦૨૬ ગુરૂવાર

**પ્રાર્થનાસભા/ઉઠમણું**
તારીખ : ૨૬-૦૧-૨૦૨૬, સોમવાર
બપોરે ૩ થી ૫ વાગ્યે રાખેલ છે.
: નિવાસ સ્થાન :
"ભાર્ગવ", ૩-દેના બેંક સોસાયટી, અમીન માર્ગ, સૌરાષ્ટ્ર હાઈસ્કુલની આગળ, રાજકોટ.

# ફાયરીંગ-હત્યાની કોશીષના ગુન્હામાં નામચીન શખ્સ, સાગ્રીતોને શંકાનો લાભ આપી નિર્દોષ છોડતી કોર્ટ

**નામચીન ખીયાણી બંધુઓ ઉપર ફાયરીંગ થયેલ કેસમાં આરોપીઓ વતી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, જય અકબરી, યશેશ ખેર, સહદેવ રાઠોડ, વિવેક ખુંટ તથા ધવલ પુરોહિત એડવોકેટ તરીકે રોકાયેલ હતા**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ફરીયાદી મુસ્તુફા અકબરભાઈ ખિયાણી ધ્વારા એ મતલબની ફરીયાદ લખાવેલ કે, તા.૧૨/૨/૧૯ ના રોજ રાત્રીના સમયે ફરીયાદી અને તેના મોટાભાઈ મીરઝાદ બંને સર્વીસ સ્ટેશને ગયેલ ત્યારે મીરઝાદે તેના ભાઈ વસીમને તું કેમ મુંજાઈ ગયેલ છો તેમ પુછેલ જેથી તેના ભાઈ વસીમએ કહેલ કે ૧૦ દીવસ પહેલા તે પોપટપરાના નાલા પાસે ઉભો હતો ત્યારે પોપટપરામાં રહેતો અનીશ ગોલી અને તેનો ભાઈ અકીલ ગોલી બંને મોટરસાયકલ લઈને આવેલ અને છરી કાઢી મારવા જતા તેઓ ભાગી ગયેલ અને જે અંગેની બીકના કારણે કોઈને વાત કરેલ નહી અને ચિંતામાં રહેતો હતો જેથી તા.૧૩/૨/૧૯ ના ફરીયાદીએ તેના મોટાભાઈ અબ્દુલભાઈ તેના મિત્ર સુનીલને ત્યાં સર્વીસ સ્ટેશને બોલાવેલ અને આ પાંચેય જણા તેની ફોર્ચ્યુનર કાર લઈ અનીસ અને અકીલને સમજાવવા માટે જતા હતા અને પોપટપરાની આજુબાજુ તપાસ કરેલ પરંતુ બંને મળી આવેલ નહીં ત્યારબાદ રાત્રીના ૧-૦૦ વાગ્યાના આસપાસ પોપટપરાના નાલા પાસે પહોંચતા અનીસ ગોલી તેનો ભાઈ અકીલ ગોલી તથા તનુડો અને અફઝલ લંઘો ચારેય લોકો પોપટપરાના નાલા પાસે જોવામાં આવતા અને તેઓએ પોતાની કાર આ લોકોની પાછળ જવા દીધેલ હતી જેથી પોપટપરાના નાલા પાસે અનીલ ગોલી અને તેનો ભાઈ અકીલ ગોલીએ પોતાનું એકટીવા વચ્ચે રાખી ફરીયાદીની ગાડી ઉપર પેન્ટના નેફા માંથી પીસ્તોલ જેવું હથીયાર કાઢી ફાયરીંગ કરેલ જેથી તેની ગોળી ગાડીના ડાબા કાચમાં લાગેલ અને કાચ ફુટી ગયેલ અને તેઓ નજીક પહોંચતા આ લોકો તેનું એકટીવા લઈ ભાગી ગયેલ હતા. જે મુજબની ફરીયાદ નોંધાવેલી હતી અને તે અંગે પ્ર.નગર પોલીસ સ્ટેશન ધ્વારા આઈ.પી.સી. કલમ ૩૦૭, ૪૨૭, ૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧)(બી) અને ૨૭મુજબનો ગુન્હો નોંધેલ હતો.

આ કેસ ની ટૂંકી વિગત મુજબ પ્ર.નગર પોલીસ સ્ટેશન ધ્વારા , અનીસ ઉર્ફે ગોલી મહેબુબભાઈ સાંધ ,અકીલ મહેબુબભાઈ સાંધ , તન્વીર ઉર્ફે તનુડો સલીમભાઈ ઉર્ફે ભીખાભાઈ હીંગોરજા ,અફઝલ ઉર્ફે લંઘો રફીકભાઈ લંઘા ,વસીમ જુસબભાઈ દલવાણી વિગેરેની ધરપકડ કરેલી હતી અને સદરહું કામમાં તપાસના અંતે તેઓ વિરૂધ્ધ નામદાર અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલી હતી.

ચાર્જશીટ થયા બાદ સદરહું કેસ ચાલવા પર આવી જતા ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી ઉપરાંત કુલ ૧૦ સાહેદોની જુબાનીઓ લેવામાં આવેલ હતી અને જુબાની લેવાયા બાદ સદરહું કેસ દલીલ ઉપર આવેલ હતો જેમાં ફરીયાદ પક્ષે અલગ અલગ મુદાઓ આધારીત દલીલો કરેલ જયારે આરોપી તરફે એવી દલીલો કરવામાં આવેલ કે જે ગાડી ઉપર ફાયરીંગ કરવામાં આવેલ તે ગાડીના કોઈ આધારો કબ્જે થયેલ નથી અને બનાવ સ્થળેથી જે કાચ ફુટેલ છે તેના ટુકડાઓ મળી આવેલ નથી તેમજ ફરીયાદી તથા સાહેદો એક જ ફાયરીંગ થયાનું જણાવે છે જયારે બનાવ સ્થળેથી બે કારતુસના ખોખાઓ મળી આવેલ છે તેમજ ગાડી માંથી અલગ કારતુસ મળી આવેલ છે અને એફ.એસ.એલ.ના રીપોર્ટ મુજબ આ બંને ખોખાઓ અલગ અલગ ફાયર આર્મ્સના ખોખાઓ છે તેમજ આ કામે મુદામાલવાળું કોઈ પીસ્તોલ રીકવર થયેલ નથી તેમજ ફરીયાદી તથા તેના કુટુંબીજનો ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે અને તેઓ ઉપર અનેક ગુન્હાઓ નોંધાયેલ છે આવા સંજોગોમાં તેઓની જુબાની ભરોસા લાયક ગણાય નહી. તેમજ પોલીસ ધ્વારા તેવો ખુલાસો કરવામાં આવેલ કે આ હથીયાર બીજા ગુન્હામાં કબ્જે લેવામાં આવેલ છે પરંતુ આવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી તેમજ બનાવ બનેલ છે તેની સામે જેલ આવેલ છે અને આજુબાજુમાં રહેણાંક મકાન આવેલ છે તેમાંથી કોઈ વ્યકિતના નીવેદનો લેવામાં આવેલ નથી આવા સંજોગોમાં આરોપીને નિર્દોષ છોડી દેવા જોઈએ તેમજ આ સંબંધે આરોપી તરફે ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ હતા.

ઉપરોકત તમામ દલીલો અને રજુ થયેલ પુરાવાને ધ્યાને લઈ નામદાર સેશન્સ અદાલત ધ્વારા આરોપીઓ અનીસ ઉર્ફે ગોલી મહેબુબભાઈ સાંઘ ,અકીલ મહેબુબભાઈ સાંધ ,તન્વીર ઉર્ફે તનુડો સલીમભાઈ ઉર્ફે ભીખાભાઈ હીંગોરજા , અફઝલ ઉર્ફે લંઘો રફીકભાઈ લંઘા , વસીમ જુસબભાઈ દલવાણીને ઉપરોકત ગુન્હા અનુસંધાને શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવેલ હતા.

આ કામમાં આરોપીઓ વતી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, જય અકબરી, યશેશ ખેર, સહદેવ રાઠોડ, વિવેક ખુંટ તથા ધવલ પુરોહિત એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# રાજકોટના પાળ ગામની ૪ કરોડની જમીન બે વાર વેંચી: કારખાનેદાર સાથે ઠગાઇ

**મુળ માલીકના બોગસ દસ્તાવેજ સાટાખત ઉભા કરી છેતરપીંડી ૧૩ સામે ગુનો દાખલ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પાળ ગામની કિંમતી ૧૧ વિઘા જમીન બે લોકોને વેંચી નાંખી ૪ કરોડની છેતરપીંડી આચર્યાનો બનાવ સામે આવતાં લોધીકા પોલીસમાં ૧૩ શખ્સો સામે ગુનો નોંધાયો હતો. રાજકોટના કારખાર્નેદારે રૂ.૪ કરોડ ચૂકવી જમીન ખરીદી ત્યારે નવી શરતમાંથી જૂની શરતમાં આવે ત્યારે દસ્તાવેજ કરી આપવાનું કહીં સાટાખત કરી આપ્યો હતો. બાદમાં આરોપીઓએ અન્યને જમીન વેંચી નાંખી ઠગાઈ આચરી હતી.

બનાવ અંગે રાજકોટ મવડી પ્લોટમાં આવેલ મણીનગરમાં રહેતાં અમીશભાઈ કિશોરભાઈ રામાણી (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ભીખા ભોપા માટીયા, ડાયા ભીખા માટીયા, ભાયા ભીખા માટીયા, જયાબેન ભીખા માટીયા, ભીમા ભીખા માટીયા, રાજેશ ભીખા માટીયા, મીનાબેન ડાયા માટીયા,અંજનાબેન ડાયા માટીયા, સાગર ડાયા માટીયા, વિજયાબેન ડાયા માટીયા, મેહુલ ડાયા માટીયા, હરી ગોકળ માટીયા અને મેહુલ અરજણ માટીયાનું નામ આપતાં લોધીકા પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને મવડી પ્લોટમાં સાગર પોલીકર્મી નામથી પ્લાસ્ટીકનું કારખાનું કારખાનુ છે આવેલ છે. વર્ષ ૨૦૧૭ માં તેઓએ ભાગીદાર ભવદિપભાઈ પોકર સાથે ભાગીદારીમાં લોધીકાના પાળ ગામના રેવન્યુ સર્વે નં. ૩૦૦ પૈકી ૨૧ (નવા સર્વે નંબર ૧૦૦૨) ની નવી અને, અવિભાજ્ય શરતની ખેતીની જમીન જે હે, આરે.ચો, મી, ૧-૬૧-૮૮ (એકર ૪-૧૬ ગુઠા) કે જે ખાતા નં. ૨૨૦ થી ભોપાભાઈ અને ભરવાડ, દુદાભાઈ ભરવાડ ભીખાભાઈ ભરવાડ (રહે.બધા. પાળ) ના નામે આવેલ હતી. રૂપિયા લેખે ખરીદ કરવાનું નક્કી થયેલ અને તે સમયે રી-સર્વે અને પ્રમોલગેશન સંબધી ઈસ્યુ ચાલતા હોય જેથી દસ્તાવેજ કરાવેલ નહીં અને રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર તા.૦૨/૦૮/૨૦૧૭ના રોજ નોટરાઈઝ સાટાખત કરાર કરી આપેલ હતો. જેમાં જે તે સમયે. ભોપાભાઈ ભરવાડ અવસાન પામેલ હોય જેથી તેઓના વારસદારોએ સહીઓ કરેલ છે. બાદ ફરીયાદીએ કટકે કટકે કુલ ચાર કરોડ રૂપિયા જે સોદાની પુરી રકમ તેઓને ચુકવી આપેલ હતી. જે અંગે રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર તા. ૧૭/૦૧/૨૦૧૯ ના ચુકતે અવેજની પહોંચ લખી આપેલ અને સોદાની તમામ રકમ ચુકતે કરી આપેલ હોય જેથી તેજ દિવસે તેઓએ આ જમીનનો કબજો પણ સોંપી આપેલ છે. બાદ સોદાની તમામ રકમ ચુકતે થઈ ગયેલ હોય અને રેવન્યુ કાર્યવાહીમાં તેના બધા વારસદારોને ધક્કા ન ખાવા પડે બાદ સોદાની તમામ રકમ ચુકતે થઈ ગયેલ હોય અને રેવન્યુ કાર્યવાહીમાં તેના બધા વારસદારોને ધક્કા ન ખાવા પડે તે માટે ભીખાભાઈ ભરવાડ એકનુ જ નામ ચાલુ રાખેલ અને બાકીના તમામ વારસદારોના નામ કમી કરાવેલ હતા. બાદ ભીખા માટીયાએ રેવન્યુ રેકર્ડમાં કરેલ વેચાણ વ્યવહાર અને કરી આપેલ લખાણની હકિકત છુપાવી ખોટા સોગંધનામા મામલતદાર કચેરી લોધીકામા રજુ કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરી રેવન્યુ રેકર્ડ માં નોંધ નં. ૪૨૦૦ તા.૦૭/૦૫/૨૦૨૩ થી કરાવી પોતાના વારસદારોના રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવિલ હતા.

બાદ ભીખાભાઈ ભોપાભાઈ માટીયાની ફેવરમા તમામ વરસદારોએ હક્ક જતો કરવાના સોગંધનામા કરેલ તેમજ ફરીયાદીએ સાથે કરેલ વેચાણ વ્યવહાર અને કરી આપેલ લખાણની હકિકત છુપાવી ફરીવાર ડાયા માટીયાના ફેવરમાં હક્ક જતો કરવાના ખોટા દસ્તાવેજ મામલતદાર કચેરી લોધીકામા રજુ કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરી હક્ક જતો કરવાની નોંધ કરાવેલ છે. જેથી આરોપીઓએ ફરીયાદી સાથે આ જમીનનો વેચાણ વ્યવહાર કરેલ હોય તે વિગત જાણતા હોવા છ્તા તે વિગત છુપાવી ખોટા દસ્તાવેજ રજુ કરી રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે એન્ટ્રી કરાવી લઇ પુરતી અવેજ સ્વીકારી લીધેલ હોય તેમ છતા ખોટી વારસાઈ એન્ટ્રીઓ કરાવેલ છે. બાદમાં આરોપીઓએ ફરીયાદી પાસેથી રૂ.૪ કરોડ મેળવી લીધેલ હોવાનુ જાણવા છ્તા આ જમીન હરી માટીયા અને મેહુલ માટીયા (રહે.બન્ને રાજકોટ) ને રૂ.૩૦ લાખ અવેજ લઈ તેઓને સાટાખત કરી આપેલ છે.

જેમની વિરૂધ્ધ અરજી કરેલ છે. જેથી જમીન સોદો કરેલ તે અંગે આરોપીઓએ તમામ રૂ.૪ કરોડ રોકડ તથા ચેકથી મેળવી લીધેલ હોય અને તે અંગે આરોપીઓએ કુલમુખત્યારનામુ કરી આપેલ હોય તેમ છતા વેચાણ વ્યવહાર વખતે કરી આપેલ સોગંદનામા તથા સંમતી પત્રકની છુપાવી ફરીથી સોગંધનામા કરી ખોટા દસ્તાવેજ બનાવી જમીન અન્યને વેંચી નાંખી છેતરપીંડી કરતાં ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# રાજકોટના કાર ચાલકને સાઇડ ન આપતા ટ્રક ચાલકનું કર્યું અપહરણ

**બિલિયાળા નજીક ઘટના, છરી દેખાડી કારમાં ઉઠાવી જતા નોંધાયો ગુનો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બીલીયાળા પાસે સાઈડ ન આપવા બાબતે ટ્રકચાકલકનું રાજકોટના કારચાલકે અપહરણ કરી તેની પાસેથી મોબાઈલ પડાવી લીધો હતો. જે અંગે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બનાવ અંગે ચાપરાજપુર રોડ ભોજાદાર પાસે જેતપુરમાં રહેતા સાગર ઉર્ફે ચુનીલાલ ગોહેલ (ઉ.વ. ૩૨) દ્વારા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવ-ામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ટ્રક ડ્રાઈવિંગનું કામ કરે છે. વધુમાં ફરીયાદીએ જણાવ્યું કે, તે ગઈકાલે વહેલી સવારના ત્રણેક વાગ્યા આસપાસ તેની સાથે ટૂંકમાં મજૂરીકામ કરનાર અજય ડાભી, મનોજ લ પરિચા ત્રણેય ટ્રક નં. જીજે ૩ બીવાય ૯૩૧ વાળો ટ્રક લઈ જેતપુરથી ધ્રોલ ખાતે ગાડી ભરવા માટે જતા હતા. દરમિયાન સવારના પાંચ વાગ્યા આસપાસ ગોંડલથી આગળ બીલીયાળા ગામ પાસે પહોંચતા ટૂંકની પાછળ એક કાળા કલરની કેટા કાર આવી હતી, તે સાઇડ લેવા માટે હોર્ન તથા ડીપર મારતી હોય જેથી યુવાને ટ્રક સાઈડમાં લીધો હતો. બાદમાં આ કાર ટ્રકની આગળ આવી ટ્રક રોકાવ્યો હતો બાદમાં કારમાંથી એક શખ્સ નીચે ઉતર્યો અને તેણે છરી કાઢી કહેવા લાગ્યો હતો કે, તમે બધા ગાડીની નીચે ઉતરો અને મારી ગાડીમાં બેસી જાવ જેથી ફરિયાદી તથા તેની સાથે રહેલા અજય અને મનોજ બધા ટૂંકમાંથી ઉતરી કાર ચાલક સાથે બેસવાની ના પાડતા તે એકદમ ઉશ્કેરાયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. બનાવસ્થળે ટ્રાફિકજામ થતાં ટ્રક ચાલકે ટ્રક સાઈડમાં લીધો હતો. બાદમાં ફરી કાર આડી નાખી ટ્રક ઉભો રખાવ્યો અને ફરીવાર ગાળો આપી હતી. દરમિયાન અન્ય ટ્રક ચાલક વિશાલભાઈ પણ અહીં ટ્રક લઈને આવતા તેની ગાડી પણ ઉભી રખાવી હતી અને આ કારના ચાલકે છરી બતાવતા વિશાલભાઈ તેનો ટ્રક લઈ જતા રહ્યા હતા. બાદમાં કારચાલકે ફરિયાદીને કહ્યું હતું કે, હું ક્યારનો તમારા ટ્રકને હોર્ન તથા ડીપર મારું છું તમે કેમ મારી ગાડીને સાઈડ નથી આપતા તમારા ટ્રકની પાછળ મારી કાર અડી ગયેલ છે, જેથી યુવાને કહ્યુ હતું કે, આગળ ટ્રાફિક હતો જેથી મેં સાઈડે આપેલ જ હતી, તમારી ગાડી મારા નુકશાન હોય તો હું તમને ખર્ચો આપવા તૈયાર છું. છતાં આ શખ્સ ધમકાવવા લાગી કહેતો હતો કે, તમને બધાને મારવા છે તેમ કહી ગાળો આપી ક્રેટા કારના ચાલકે યુવાને પકડી બળજબરીપૂર્વક કારમાં બેસાડી અપહરણ કર્યું હતું. યુવાને કહ્યું હતું કે, હું તમારો ખર્ચો આપવા તૈયાર છું જેથી આ શખ્સે કહ્યું હતું કે, તારા શેઠને ફોન કર જેથી યુવાને તેના શેઠ સવાભાઈ ઝંઝવાડિયા તે ફોન કરી બનાવ બાબતે વાત; કરી હતી. દરમિયાન આ કાર ચાલકે યુવાનના શેઠને પણ ગાળો આપી હતી. બાદમાં યુવાન પાસે રહેલો આઇફોન પડાવી લીધો હતો. યુવાને કારમાંથી નીચે ઉતારી કહ્યું હતું કે, મારું નામ આબીદ કામદાર (રહે. રામનાથપરા રાજકોટ) છે બાદમાં તે પોતાની કેટા કાર નંબર જીજે ૩ એનપી ૫૭૮૪ લઈ નાસી ગયો હતો.

# રાજકોટ - અમદાવાદ હાઈવે પર કુવાડવા પોલીસ ચોકીનું લોકાર્પણ

**કુવાડવા ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં એક કરોડના ખર્ચે લોક ભાગીદારીથી આધુનિક પોલીસ ચોકી બિલ્ડીંગ તૈયાર કરાયુંઃ પોલીસ કમિશનરના હસ્તે ઉદઘાટન**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વસંત પંચમીના શુભ મુહૂર્તે શહેર પોલીસમાં એક કરોડના ખર્ચે તૈયાર થયેલ કુવાડવા પોલીસ ચોકીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જયારે રૂ.૭૨ લાખના ખર્ચે તૈયાર થનાર ઈન્ડોર બેડમિન્ટન કોર્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

શહેરની ભાગોળે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા અને નાગરિકોને પોલીસની મદદ તાત્કાલિક મળી રહે તે માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના નેતૃત્વ હેઠળ રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલ કુવાડવા ગામે વાંકાનેર ચોકડી ખાતે નવનિર્મિત કુવાડવા પોલીસ ચોકીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કુવાડવા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન અને શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે કુવાડવા ગામ ખાતે કુવાડવા પોલીસ ચોકીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સામાજિક રાજકીય આગેવાનો અને દાતાઓના સહયોગથી નિર્મિત પોલીસ ચોકીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કુવાડવા પોલીસ ચોકીનું પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના હસ્તે સવારે ૯૩૦ કલાકે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. લોકાર્પણ પ્રસંગે ડીસીપી હેતલ પટેલ, કુવાડવા ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખ દિલીપભાઈ ઘરસંડીયા, ઉપપ્રમુખ ભગવાનજીભાઈ વડોદરિયા, બોમ્બે સુપર ગ્રુપના અરવિંદભાઈ કાકડીયા( પિન્ટુભાઈ) સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કુવાડવા પોલીસ ચોકીનું માર્ચ, ૨૦૨૫ માં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૫માં રાજ્ય સરકાર દ્વારા જમીનની ફાળવણી કરવામાં આવી હતી. જે જમીન ખાતે જનભાગીદારીથી આશરે એક કરોડના ખર્ચે કુવાડવા પોલીસ ચોકીનું નિર્માણ કરવામાં આવ્યું છે. પોલીસ ચોકીનું નિર્માણ થતા ઈન્ડસ્ટ્રીયલ ઝોનના ઉદ્યોગ સાહસિકો તેમજ આસપાસના વિસ્તાર વાસીઓને વિકટ વેળામાં તાત્કાલિક પોલીસની સહાય મળી રહેશે.

# ખોખળદળ ગામે ખેડૂતના મકાનમાંથી ચોરી કરનાર એમપીની બેલડી ઝડપાઈ

**ખેતીકામ કરતા મજુરે રેકી કર્યા બાદ એમપીથી સાગ્રીતો બોલાવી કરી હતી ચોરી**




**મુખ્ય સમાચાર, રાજકોટ**


ખોખળદળ ગામે ખેડૂત પરિવારના મકાનમાં ત્રાટકી થોરીને અંજામ આપનાર ધાર ગેંગની બેલડીને ક્રાઈમ બ્રાન્ચે લાપસરી ગામ નજીકથી ઝડપી લીધી હતી. પોલીસે બંને તસ્કરોની ધરપકડ કરી વધુ ચાર શખ્સોની શોધખોળ શરૂ કરી હતી

આ બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો ખોખંડદડ ગામે શંકર ભગવાનના મંદિરની બાજુમાં રહેતાં કાંતિભાઈ, શિવાભાઈ દેસાઈ (ઉ.વ.૬૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૩૧ રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યે તેઓ અને તેમના પત્ની કાંતાબેન મકાને તાળા મારી મકાનની બાજુમાં આવેલ નાના દિકરા મહેશના ઘરે ગયેલ અને જમીને ત્યાં જ સુઈ ગયેલ હતા. બાદ સવારના વહેલા પાંચેક વાગ્યા આસપાસ જાગીને ઘરે ગયેલ અને જોયેલ તો ઘરની ડેલીનું તાળુ તુટેલ અને ડેલી ખુલ્લી હતી. જેથી અંદર જઈ જોતા ફળીયામાં રાખેલ બાઈક જોવામાં આવેલ નહીં અને મકાનના મુખ્ય દરવાજાએ લોખંડની જાળીએ તાળુ મારેલ હતુ, તે તાળુ પણ જોવામા આવેલ નહીં, જાળીનો નકુચો તુટેલ અને ખુલ્લી હતી. જેથી ઘર અઁદર જઈ જોતા મકાનની અંદર આવેલ બન્ને રૂમના દરવાજા ખુલ્લા અને બધો સામાન વેરવિખેર પડેલ હતો અને જેથી સોના ચાંદીના દાગીના મળી કિ.રૂ.૨૭.૮૦ લાખ, રોકડ ૩૯૦ હજાર અને બાઈક મળી કુલ ૩૨૯ લાખનો મુદ્દામાલ ગાયબ હતો. જેથી કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

જે બનાવ અંગે આજીડેમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. જો કે, ગંભીર અને મોટી ચોરીના બનાવમાં પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો ત્યારે જ ફરીયાદીને જ ઘરમાંથી જ દાગીના ભરી બેગ મળી આવતાં ચોરીના બનાવમાં નવો વળાંક આવ્યો હતો. જેથી રૂ.૨૭.૮૦ લાખનો મુદ્દામાલ મળી આવતાં હવે રોકડ ૩.૯૦ હજાર અને ફરીયાદીની બાઈક તેમજ અન્ય એક બાઈક જ ચોરી થયાનું સામે આવ્યું હતું. ચોરીના બનાવને તાત્કાલિક ડિટેક્ટ કરવાની પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયાની સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ. પીએસઆઇ વનરાજસિંહ ડોડીયા અને ડી પી ઝાલાની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ચૌહાણ, પ્રદીપસિંહ જાડે જા, રાજેશભાઈ જળુ તથા જયરાજસિંહ કોટીલાને મળેલ ચોક્કસ હકીકતના આધારે કોઠારીયા ગામથી લાપસરી ગામ તરફ જતા રોડ પરથી કાળુ થાનસિંગ મીનાવા (ઉવ ૩૮ રહે. જગદીશભાઈ પટેલની વાડીએ, ખાનપર, મોરબી મૂળ રહે. ધાર, મધ્યપ્રદેશ) અને જયંતિ લાલસિંગ અજનારીયા (ઉવ ૩૫ રહે લાપાસરી ગામ, રાજકોટ મૂળ રહે. અલીરાજપુર, મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી રોકડ ૨૭૦૦૦ કબજે કર્યા હતા. ઝડપાયેલા શખ્સોએ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ કેફિયત આપી હતી કે, જયંતિ અજનારીયા લાપાસરી ગામે રહી ખેતર ભાગીય વાવતો હોય તેણે બે થી ત્રણ વાર ખેડૂતના મકાનની રેકી કરી હતી. ખેડૂત પરિવારના મકાનમાં અવાર નવાર તાળું મારેલું હોય જેથી તેણે ચોરી કરવાનો વિચાર આવ્યો હતો. બાદ તેણે તેના શાળા બીજું ભુરાભાઈ મસાણીયા સાથે મળીને ચોરીનું કાવતરુંઘડયું હતું. બાદમાં બીજુ મસાણીયાએ ચોરીને અંજામ આપવા પાંચ શખ્સોની ટોળકી રચી હતી. જે ટોળકી ચોરીને અંજામ આપ્યાની આગલી રાત્રે જ લપાસરી ગામે જયંતિ અજનારીયાની વાડી ખાતે પહોંચી ગઈ હતી અને ત્યાં રાત્રી રોકાણ કર્યા બાદ બીજા દિવસે તેમણે ચોરીને અંજામ આપ્યો હતો. ઝડપાયેલા તસ્કરોની કેફિયત પરથી પોલીસે બીજુ ભુરલાભાઈ મસાણીયા, શંકર કુંદનસિંહ મીનાવા, મુનો કમરૂભાઈ મીનાવા (ત્રણેય રહે ધાર, મધ્યપ્રદેશ) અને એક અજાણ્યા શખ્સની શોધખોળ શરૂ કરી છે.

# ઉપલેટામાં મંદિર માંથી માતાજીના સોનાના આભુષણો ચોરી કરનાર શખ્સ ઝડપાયો





**સ્થાનિક પોલીસે ખાખીજાળીયા રોડ પર કાર સાથે તસ્કરને દબોચી લઈ રૂ.૧૫.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટામાં આવેલ સુવા પ્લોટમાં આહિર સમાજના આસ્થાના કેન્દ્ર શ્રી પીઠડ માતાજીના મંદિરમાં રૂ.૧૧.૮૦ લાખના માતાજીના સોનાના આભુષણોની ચોરી થયા બાદ પોલીસે ગણતરીની કલાકોમાં જ બનાવનો ભેદ ઉકેલી નાખી ખાખીજાળીયા રોડ પર કાર સાથે તસ્કરને દબોચી લઇ રૂ.૧૫.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ઉપલેટામાં રહેતા દેવેનભાઇ સોમાતભાઇ સુવાએ ગઇકાલે ઉપલેટા પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી કે, સુવા પ્લોટમાં આવેલ આહિર સમાજના આસ્થાના કેન્દ્ર પીઠડ માતાજીના મંદિરમાં માતાજીને ચડાવેલુ સોનાનું છત્તર, સોનાના દાગીના સહિત રૂ.૧૧.૮૦ લાખના આભુષણો કોઇ અજાણ્યો ઇસમ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવી હોય. બનાવને ગંભીર-તાથી લઇ ઉપલેટા પોલીસ મથકના પીઆઇ બી.આર.પટેલની સૂચનાથી પીએસઆઇ એસ.પી.ભટ્ટ, એએસઆઇ ધરમચંદ, નિલેશભાઇ, હેડ કોન્સ. કૌશિકભાઇ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી બનાવના ગણતરીના કલાકોમાં જ મંદિરમાંથી ચોરી કરનાર ચંદ્રેશ ગુણવંતરાય બાંભણીયા (રહે.ખાખીજાળીયા રોડ, રઘુવંશી સોસાયટી, ઉપલેટા)ને નેશનલ બાયપાસ રોડ સર્વિસ રોડ પરથી આઇ-૧૦ કાર નંબર જીજે૦૩એમએલ૪૨૮૮ માં ચોરાઉ સોનાના આભુષણો સાથે દબોચી લઇ કુલ રૂ.૧૫.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# હનુમાન મઢી નજીક બે બાઈક અથડાતા ત્રણ યુવક ઘવાયા

**એકને સિવિલમાં અને બીજા બે ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં હનુમાન મઢી નજીક બે બાઈક અથડાયા હતા. જેમાં ત્રણ યુવક થવાયા હતા. એકને સિવિલમાં અને બીજા બે ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા . ઈજાગ્રસ્તોમાં સિવિલમાં દાખલ રેશમ નરબહાદુર થાપા (ઉમર વર્ષ ૪૦, રહે.અમરજીત નગર, એરપોર્ટ રોડ) નિર્મલા રોડ પર લોન્ડ્રીની દુકાનમાં કામ કરે છે. તે દુકાનેથી ઘરે બાઈક પર જતો હતો.

સામે ડબલ સવારીમાં એક્ટિવા પર આવેલ. હર્ષ સુભાષભાઈ ગોરણીયા (ઉંમર વર્ષ ૩૨, રહે. શિતલ પાર્ક) અને વિરલ મહેશભાઈ પરમાર (ઉંમર વર્ષ ૨૫, રહે. બજરંગવાડી શેરી નંબર ૫) બંને ફાયર સેફટીનું કામ કરે છે. ધંધામાં પાર્ટનર છે. તેઓ સાઈટ પર કામ જોઈ ઘરે જતા હતા. તે બંનેને સિનર્જી હોસ્પિટલમાં ખસેડાયા છે.

# ગોંડલમાં બે દિવસ પહેલા ગુમ થયેલી સગીરાઓ મળી: બે શખ્સો સકંજામાં

**ધોરાજીના ભુખી ગામ નજીકથી ઝડપી લેવાયાઃ મેડિકલ ચેકઅપની તજવીજ**

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ માં બે દિવસ પહેલા ગુમ થયેલી બે સગીરાઓ તથા તેની સાથે રહેલા બે શખ્સોને ભગાડનાર નાં વતન થી પોલીસે જડપી લઇ બન્ને સગીરાઓ નું તેના પરિવાર સાથે મિલન કરાવ્યુ હતુ, જ્યારે સાથે રહેલા બે શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ શહેર ની મધ્યમાં આવેલી એક સ્કુલ માં ધોરણ નવ માં અભ્યાસ કરતી સગીર વય ની બે સખીઓ તા.૨૦ નાં પરીક્ષા આપી સ્કુલે થી નિકળ્યા બાદ ભેદી સંજોગો માં ગુમ થતા તા.૨૧ નાં ગુમસુદા ફરિયાદ એડીવીઝન પોલીસ માં ફરિયાદ નોંધાઈ હતી. બનાવ નાં પગલે પીઆઇ.એલ.આર.ગોહિલ, પીએસઆઈ પંડયા તથા સ્ટાફ દ્વારા ત્વરિત તપાસ હાથ ધરી હ્યુમન સોર્સ નાં આધારે પગેરુ દબાવી ગત રાત્રે ધોરાજી નાં ભુખી ગામ નજીક થી બન્ને સગીરાઓ તથા તેને ભગાડી જનારા બે શખ્સો ને જડપી લઈ પુછ્પરછ હાથ ધરી કાર્યવાહી કરી હતી. પોલીસ સુત્રો અનુસાર નાગડકા રોડ પર આવેલી શિવ શક્તિ સોસાયટીમાં રહેતા હાર્દિક જેન્તીભાઈ શેખવા ઉ. ૨૦ તથા પરેશ ઉર્ફે ડોન કાનજીભાઈ પરમાર ઉ.૨૦ છેલ્લા બે વર્ષ થી સગીરાઓ સાથે પરીચય માં હોય મૈત્રી બાદ પ્રેમ સંબંધ બંધાતા તા.૨૦ ની બપોરે બન્ને શખ્સો બન્ને સગીરા ને ભગાડી હાર્દિક નાં મુળ ગામ ભુખી પંહોચ્યા હતા.દરમિયાન ત્યાંથી બીજે ક્યાંય ભાગે તે પહેલા પગેરુ દબાવતા પીઆઈ. એલ.આર. ગોહિલ અને તેની ટીમે દબોચી લીધા હતા.સગીરાઓ ને ભગાડનાર હાર્દિક નાગડકા રોડ પર પાન બીડી ની કેબીન ચલાવતો હતો.જ્યારે પરેશ માર્કેટયાર્ડ પાસે આવેલી હોટલ માં કામ કરતો હતો.રાત્રીનાં મોટેભાગે હોટલ નાં ઓટલે સુઈ રહેતો હતો.તેના પિતા કાનજીભાઈ ડ્રાઈવિંગ નું કામ કરેછે.પરેશ તેના પિતા નાં આગલા ઘર નું સંતાન છે. પોલીસે મેડીકલ ચેકઅપ સહીત કાર્યવાહી હાથ ધરી છે. ગુમ થયેલી સગીરાઓ ને એડીવીઝન પોલીસે ગણતરી ની કલાકોમાં શોધી લેતા તેનાં પરિવારે હાશકારો અનુભવ્યો હતો.